પ્રસ્તાવના.

ગુજરાતી નિશાળોનાં સુધારેલાં ધોરણોમાં જણાવ્યા મુજબ ત્રીજા ધોરણમાં ભૂગોળ વિદ્યાનું શિક્ષણ આપવામાં શિક્ષકોને મદદગાર થઈ પડવાના ઉદ્દેશથી આ ચોપાનીઉં પ્રગટ કરવામાં આવ્યું છે. એ ચોપાનીઉં માત્ર શિક્ષકોના ઉપયોગ માટેજ છે. વિદ્યાર્થીના હાથમાં એ આપવાની જરૂર નથી. એમાં જણાવેલી બાબતોનું જરૂર જેટલું જ્ઞાન યથાયોગ્ય પ્રમાણમાં વિદ્યાર્થીઓને આપવાનું છે. એ ચોપાનીઉં તૈયાર કરવામાં ઉત્તર પ્રાન્તના એજ્યુ૦ ઈન્સ્પેક્ટર મહેરબાન જે. જી. કોવનંટન સાહેબ બહાદુર, ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપાલ મહેરબાન કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી સાહેબ, અમદાવાદના ડેપ્યુટી એજ્યુ૦ ઈ૦ મહેરબાન નીયતરામ ગૌરીશંકર શાસ્ત્રી સાહેબ અને ફીમેલ ટ્રેનિંગ કોલેજનાં લેડી સુપરી૦ મહેરબાન મિસ બ્રુક સાહેબે કેટલીક ઉપયોગી અને કીમતી સલાહ આપી છે, તે બદલ તેઓ સાહેબોનો ખરા અંતઃકરણથી આ ઠેકાણે ઉપકાર માનુંછું.

અમદાવાદ
તારીખ ૫-૯-૫.

મોહનભાઈ હરિભાઈ,
સે. આ. ડે. એ. ઈ. સુરત.

સાંકળીઉં.

અમદાવાદ જિલ્લાની ભૂગોળ વિદ્યા.

જિલ્લોઃ-કેટલાક તાલુકા એકઠા થઈ જે પ્રદેશ બને, તેને જિલ્લો કહેછે. આપણો તાલુકો જે જિલ્લામાં આવ્યોછે, તે અમદાવાદ જિલ્લો કહેવાયછે.

સીમા, કદ, આકારઃ-અમદાવાદ જિલ્લો બધો એકે જથે નથી, પણ ઈશાનમાં મોડાસા પેટાવિભાગ સાથે પ્રાંતીજતાલુકો જિલ્લાના મુખ્ય ભાગથી જુદો પડયોછે. તે એની વચ્ચે ગાયકવાડી મુલક તથા મહીકાંઠા એજન્સિ આવ્યાંછે. દક્ષિણમાં ધોધા તાલુકો એ મુખ્ય વિભાગથી ભાવનગરના રાજ્યવડે જુદો પડયોછે. એ જિલ્લાના મુખ્ય અથવા વચલા ભાગની ઉત્તરે ગાયકવાડી મુલક તથા મહીકાંઠા ઈલાકાનો થોડો ભાગ આવ્યોછે. પશ્ચિમે કચ્છનું રણ અને કાઠિયાવાડનો ઝાલાવાડ પ્રાંત આવ્યોછે. દક્ષિણમાં ભાવનગરનું રાજ્ય છે. પૂર્વમાં ખંભાતનો અખાત, ખંભાતનું રાજ્ય અને ખેડા જિલ્લો છે. છૂટા પડેલા પ્રાંતીજ તાલુકાની ઉત્તરે અને પૂર્વે મહીકાંઠા ઈલાકો અને દક્ષિણે તથા પશ્ચિમે ગાયકવાડી મુલક આવ્યોછે. પ્રાંતીજથી પૂર્વમાં અને મહીકાંઠાવડે તેનાથી છૂટા પડેલા મોડાસા પેટાવિભાગની દક્ષિણે ખેડા જિલ્લો આવ્યો છે. એનાં ગામો ગાયકવાડી અને મહીકાંઠાના મુલકમાં વેરાતાં આવ્યાંછે. એવીજ રીતે છૂટા પડેલા ધોધા તાલુકાનાં ગામો પણ કાઠિયાવાડનાં રાજ્યોમાં વેરાતાં આવ્યાંછે. જિલ્લાના મુખ્ય ભાગનાં ૧૪ ગામો કાઠિયાવાડની હદમાં જુદા જુદા જથામાં છૂટાં પડયાંછે. ૩ ગામો પાલણપુર એજન્સિમાં અને ૬ ગામો ગાયકવાડી હદમાં આવ્યાંછે. એથી ઉલટું ઈડર રાજ્યનું એક ગામ પ્રાંતીજની હદમાં આવી ગયુંછે. આખો જિલ્લો, પ્રાંતીજ તાલુકાથી લગભગ ૯ ગણો, દશક્રોઈથી ૧૦ ગણો, વિરમગામથી ૬ ગણો, સાણંદથી ૧૦ ગણો, ધોળકાથી ૬ ગણો, ધંધુકાથી ૩$\frac{1}{2}$ ગણો, અને ધોધાથી ૧૭ ગણો મોટોછે. અમદાવાદ જિલ્લાનો આકાર ઘણો અનિયમિત છે.

વિભાગોઃ–આખા જિલ્લાના કુદરતી વિભાગો ત્રણ થઈ શકે. ૧ લો પ્રાંતીજ એમાં મોડાસાનો પહાડી પ્રદેશ આવી જાયછે. ૨ જો મધ્ય વિભાગ. એમાં વિરમગામ, સાણુંદ, દશક્રોઈ, ધોળકા અને ધંધુકા તાલુકા આવી જાયછે. ૩ જો વિભાગ ઘોઘા તાલુકાનોછે. આ ત્રણે વિભાગો એક બીજાથી અલગ છે. પહેલામાં ડુંગરાળ અને રેતાળ જમીનછે. બીજામાં પૂર્વે તરફ ધોળી રેતાળ જમીનછે અને પશ્ચિમમાં કાળી માટીની જમીન છે. ત્રીજામાં ડુંગરાળ કાળી જમીન છે.

રાજ્યકારભાર ચલાવવામાં સુતર પડવાને આખા જિલ્લાના ૭ તાલુકા કીધાછે. તેઓનાં નામ. ૧, પ્રાંતીજ. ૨, વિરમગામ. ૩, સાણુંદ. ૪, દશક્રોઈ. ૫, ધોળકા. ૬, ધંધુકા. અને ૭, ઘોઘા.

ઉપર કહેલા વિભાગોથી જુદા આખા જિલ્લાના ૯ વિભાગો અસલથી પડ્યા છે. એ વિભાગો તેઓમાં આવેલી જુદી જુદી જાતની જમીન, લોકોની બોલી, રીતભાત અને પોશાકમાં પડતા તફાવત ઉપરથી પડેલા છે. એમાં ૧ લો વિભાગ પ્રાંતીજ અને મોડાસા મળીને મહેવાસ કહેવાયછે. ૨ જો દશક્રોશી* એટલે અમદાવાદથી ફરતો ચારે બાજુએ, ૧૦ ગાઉના વિસ્તારમાં જે મુલક આવેછે તે. એની ઉત્તર તરફનો થોડોક ભાગ દંઢાયમાં આવ્યોછે. ૩ જો સાબરકાંઠો એટલે સાબરમતીના હેઠલા ભાગમાં તેના કાંઠા નજીક જે પ્રદેશ આવેછે તે, એટલે સરોડાથી વઊઠા સુધી અને પશ્ચિમમાં રાશમ સુધીનો મુલક. ૪ થો. ભાલ અથવા કાળી ધરતીવાળો સપાટ પ્રદેશ. એમાં ધોળકા તાલુકાનો અડધો દક્ષિણ ભાગ અને ધંધુકા તાલુકાનો પૂર્વે તરફનો અડધો ભાગ આવી જાયછે. ૫ મો. નળ સરોવરના કાંઠાથી તે સાણુંદ કસ્બાની દક્ષિણે થોડાક માઈલ સુધીનો પ્રદેશ. એ નળકંઠો કહેવાયછે. ૬ ઠ્ઠો. સાણુંદની દક્ષિણે થોડાક માઈલથી તે ગાયકવાડી મુલક સુધીનો પ્રદેશ †ખાખરિયું કહેવાયછે. ૭ મો. વિરમગામ કસ્બા આગળથી પૂર્વે પશ્ચિમ એક

---

* દશક્રોશી ઉપરથી દશક્રોઇ શબ્દ થયોછે. † ખાખરનાં ઝાડ ઘણાં થતાં હોવાથી એવું નામ પડચુંછે.

સીધી લીટી દોરીએ, તો એ લીટીની ઉપલાણે પણ નળકંઠાની ઉપલી બાજુએ જે મુલક આવ્યો તે *ચુંવાળ કહેવાયછે. ૮ મો. રતાશ પડતી જમીનવાળી સાંકડી પટી જે ભાલની પશ્ચિમે ધંધુકા અને બરવાળાની વચ્ચે આવીછે, તે કનેર કહેવાયછે. ૯ મો. ધંધુકા તાલુકાનો બાકી રહેલો પશ્ચિમ ભાગ અને ઘોઘા તાલુકો કાઠિયાવાડ નજીક આવેલો હોવાથી કાઠિયાવાડ કહેવાયછે.

કુદરતી દેખાવઃ—જિલ્લાના છેક ઇશાન ભાગમાં મોડાસા નજીક ડુંગરપુરના પહાડના નીચા પણ લાંબા ફાંટા આવ્યાછે. આગળ જતાં તે અગ્નિતરફ જમીન સરસા થઇજાયછે. ત્યાં જમીન ખડકવાળી દેખાયછે, પણ કોઇ કોઇ ઠેકાણે પાતળી માટીનું પડ આવેછે. આ પ્રદેશમાં થઇ કેટલીક નદીઓ ગાયકવાડી દેહગામ તાલુકામાં થઇ નૈઋત્ય તરફ વહેછે, કારણ તે તરફ જમીન ઢાળપડતી ગઇછે.

દક્ષિણમાં ખેડા જિલ્લા તરફ એ ખડકો પથરાયા નથી, તેથી તે તરફ ફળદ્રુપ ખેતરો આવી રહ્યાંછે. પશ્ચિમમાં પ્રાંતીજના રેતાળ અને સપાટ પ્રદેશમાં એ ખડકમય પ્રદેશ ભળી જઇ લય પામેછે. એ સપાટ પ્રદેશમાં થઇ હાથમતી અને બીજી નદીઓ વહેછે. હાથમતીની દક્ષિણે જમીન નીચી ઊંચી થતી જાયછે. વધારે પશ્ચિમમાં ઝાડપાનથી ભરપૂર પ્રદેશમાં સાબરમતી અને †ઓખનો ખાડો ઉત્તર દક્ષિણ વહેછે. ઓખની પેલી તરફ ટેકરા અને કોતરવાળી જમીન છે. અહીંથી સાબરમતી પ્રાંતીજ તાલુકાથી ગાયકવાડી વિજાપુર તાલુકાને જુદો પાડી વાંકીચુંકી થતી દક્ષિણ તરફ જાય છે. આ ઉત્તર વિભાગની દક્ષિણ સરહદથી ૨૫ માઇલપર અને વચમાં આશરે ૧૬ માઇલના વિસ્તારવાળા ગાયકવાડી પ્રદેશની પેલી તરફ બગીચાની માફક ખીલી રહેલાં ખેતરોમાં જિલ્લાનું મુખ્ય શહેર અમદાવાદ આવ્યુંછે. એ શહેર અને તેની આસપાસના પ્રદેશની જમીન

---

* અસલ એ મુલકમાં ૪૪ ગામો હતાં તેથી ચુમ્માલીશ–ચુંવાળી-ચુંવાળ કહેવાયછે. ચુંવાળને માટે કહેવાયછે કે, "તોછડી બોલીને ટૂંકાં પેરાણાં, ઝાડ જવલ્લે ને ઝાંખરાં ઘણાં; સસલાં હરણને કાળિયારતણાં, ચુંવાળે ઢાળાં રઝળે ઘણાં. † ઓખ=ફાટ અથવા ચીરો.

ઘણી વાતે પ્રાંતીજની જમીનને મળતી છે. અહીં ગામો મોટાં અને સારી બાંધણીનાં છે. ખેતરોને થોર કે ખરસાણીની મજબુત વાડ હોયછે. એ ભાગમાં એક છેડેથી બીજા સુધી સાબરમતી ઉત્તર દક્ષિણ વહેછે. તેની અને ખારીની વચ્ચે કેટલીક ટેકરીઓ છે, તે સિવાય આખો પ્રદેશ ઝાડપાનથી ભરેલું એક સપાટ, આબાદ અને સળંગ મેદાન છે. અહીંથી છેક ધોળકા કસ્બાની દક્ષિણે થોડાક માઇલ સુધી અહીંના જેવોજ દેખાવ છે, પણ અમદાવાદથી પશ્ચિમમાં અને નૈઋત્યમાં તે બદલાઇ જાયછે. વિરમગામથી ઇશાનમાં આવેલો ચુંવાળ રેતાળ હોઇ કંઇક ઊંચોછે, ત્યાંથી દક્ષિણમાં છેક નળ સરોવર સુધી ઢાળ પડતો જાયછે. અહીં ડાંગર અને ઘહું પાકેછે. પશ્ચિમમાં, પાટડી તરફ છેક ખારા રણ સુધી જમીન ઢાળ પડતી જાય છે. ધોળકા તાલુકાની નૈઋત્યમાં આવેલી ભોગાવો નદીની પેલી તરફની કાળી સપાટ જમીન *ભાલ કહેવાયછે. એમાં ઘહું અને કપાસનો ગંજાવર પાક ઉતરેછે. જમીન અને તેમાંનું પાણી ખારૂં હોવાથી તે ખેતરોને પાઇ શકાતું નથી. અહીં મુસાફરો અને ખેડુતોને છાંયડો આપવાને ઝાડનું ઠુંઠું તો નથીજ, પણ તેઓની આંખને ઠંડક આપવાને લીલી વાડ પણ નથી, તેમજ તેઓની તરસ છીપાવવાને ઘણાંખરાં ગામોમાં મીઠું પાણી પણ નથી. સપાટ અને ઝાડપાન રહિત પ્રદેશ હોવાથી દૂરનાં ગામો નજીકમાં દેખાવાને કશો અંતરાય પણ નડતો નથી. શિયાળામાં ઘહું અને કપાસનાં ખેતરો લીલા રંગના દરિયા જેવાં દેખાયછે, અને તેમાં નજીક નજીકમાં વસેલાં ગામડાં બેટનો આભાસ આપેછે. એપ્રિલ અને મે માસના તાપમાં આ લીલો દરિયો સુકું જંગલ બની જાયછે, અને તેમાં શેકી નાંખે એવો ઉન્હો પવન વાયછે. ધોલેરા અને બાવળીઆળી નજીકના પ્રદેશની જમીનમાં પુષ્કળ ખાર ભળેલો છે. એ પ્રદેશમાં કોઇકોઇ ઠેકાણે ભીની પોચી જમીન આવેછે. ભાલથી પશ્ચિમમાં સાંકડી થતી જતી જમીનની પટી રતાશ પડતા

---

*ન મળે છાશ ન મળે છાંયડો ન મળે છમકો, (= વઘાર=શાક) કેટલાક અવગુણો કહું, ભૂંડામાં ભલો ભાલમાં નીપજે એક ઘહું.

રંગનીછે. તે ઊંચી નીચી સપાટીવાળી અને સાધારણ પાક આપનારીછે. એ પ્રદેશનો છેક પશ્ચિમ ભાગ સાંકડો થતો થતો કાઠિયાવાડના પહાડી પ્રદેશમાં ગયોછે.

ઘોઘા તાલુકાના છૂટા પડેલા નાના પ્રદેશમાં અગાઊના વખતમાં જ્વાલામુખીના પ્રકોપથી છૂટા પડેલા ચૂર્ણપાષાણના ટૂકડા જહીં તહીં જોવામાં આવેછે. ડુંગરા ઉપર ઠુંઠાં જેવાં ઝાડ હોયછે. એ ડુંગરાની વચ્ચેની નીચી જમીનમાં ઝાડ સાધારણ મોટાઇનાં થાયછે. ઓછું વધતું ઘાસ આખા તાલુકામાં ઉગેછે. નાની નદીઓ અને નાળાં આ તાલુકામાં વિશેષછે.

*ડુંગરાઃ-ઇશાનમાં મોડાસા અને નૈઋત્યમાં ઘોઘા તાલુકામાં

* ભૂગોળવિદ્યામાં આવતા પારિભાષિક શબ્દોનાં લક્ષણ નીચેની રીત પ્રમાણે શિખવવાં. ધારો કે આપણે ડુંગરનાં લક્ષણ શિખવવાં છે. જો ગામ નજીક ડુંગર હોય તો તે જોવા વર્ગને ત્યાં લઈ જવો. કદાચ તે નહોય તો નાની ટેકરી બતાવવાથી પણ ચાલશે. તે પણ કદાચ ન હોય તો રેતી કે પલાળેલી માટીથી જુદી જુદી ઊંચાઇની, જાતની અને આકારની ટેકરીઓ બનાવી તેનું લક્ષપૂર્વક અવલોકન છોકરાઓ પાસે નીચેની બાબતો પર કરાવવું. (૧) સ્વાભાવિક ડુંગરો કે ટેકરી અથવા હસ્તકૃત ટેકરી કેવી રીતે સપાટ જમીનમાંથી ઉપસીને ઉપર ગઈછે. (૨) ઉપર જતાં કેવી રીતે તે ગોળાકાર અને સાંકડી થતી ગઈ છે. (૩) તેનું મથાળું અણીદાર છે, કે ચપટું. (૪) તેનાપર ઘાસ અને ઝાડી છે કે તદ્દન બોડી છે. (૫) તેની ઊંચાઈ આશરે કેટલી હશે. (૬) તેમાંના પથરા કેવી જાતના અને રંગના છે. આ બધું ધીરજથી શીખવ્યા પછી લક્ષણ શીખવવાનો પ્રયત્ન કરવો, પણ એકદમ તે કહી દેવું નહિ, પણ તે છોકરાઓ પાસેજ જોડી કઢાવવું. તેઓએ કુદરતી કે હસ્તકૃત ટેકરી જોઈ છે, તેથી શિક્ષકના સવાલોના જવાબ તેઓ નીચે મુજબ આપી શકશે. એ સવાલો છોકરાઓએ જોએલી બાબતો પરનાજ હોવા જોઈશે. (૧) જમીન ઓછી કે વધતી ઉપસેછે. કોઈ કોઈ વાર તે ઘણી ઊંચાઈ સુધી ઉપસેછે. (૨) ટેકરી કે ડુંગરનું માથું ઘણુંકરી ગોળાકાર હોય છે. (૩) કોઈ કોઈ વાર એવી ટેકરી એકલી એકજ હોય છે, અને કોઈ વાર તેની પાસે બીજીઓ પણ હોય. (૪) જમીનની ઉપસેલી સપાટી ઓછી કે વધતી ઊભીસીધી હે યછે. (૫) જમીન ઉપરની સાચી

ડુંગરા છે. મોડાસાવાળા ૫૦૦ ફુટ અને ઘોઘાવાળા ૯૬ ફુટ ઊંચા છે. એ બન્નેના પથરા જુદી જાતના છે. બન્નેપર ઘાસ અને ઝાંખરાંની ઝાડી છે. ધંધુકામાં રાણપુરથી પશ્ચિમે થોડાક માઇલ-પર ડુંગરાની નીચી હાર (અહીંના લોકો એવી હારને ધાર કહેછે) પશ્ચિમ તરફ ઊંચી થતી જાયછે. એ ચોટીલાના પહાડના વિભાગછે. એ તાલુકામાં છેક પશ્ચિમે નીનામા ગામ આગળની કેટલીક ધારો-પર કાચમણિ અને ચૂર્ણપાષાણ મળી આવેછે. ખોખરા ગામ નજીકમાં હોવાથી ઘોઘા તાલુકાના ડુંગરા ખોખરાના ડુંગરા કહેવા-યછે. એ હાર દક્ષિણોત્તર ખંભાતના અખાતને સમાન્તરે જાયછે. તેમાંથી કેટલાક ફાંટા સમુદ્ર કિનારા તરફ પણ ગયાછે.

ટેકરી કુદરતી રીતે ઉપસી આવેલી હોયછે. છોકરાઓએ આટલું જાણ્યા પછી તેઓને પૂછવું કે ડુંગર એટલે શું ? તેઓ જો પૂરૂં લક્ષણ આપી ન શકે તો જેટલું આપે તેટલું પાટીયાપર લખવું, અને ખૂટતી બાબત કોઈ બીજો આપે તો તે લેવી, અને જો ન આપી શકે તો જે ન્યૂનતા હોય તે તેઓ પોતાની મેળેજ ઉમેરે એવા સૂચક સવાલો કરવા, આખરે ડુંગરનું લક્ષણ નીચે મુજબનું નક્કી થશે.

"જમીનની સપાટી કુદરતી રીતે એકી કે વધતી સીધી ઊભી ઉપસીને ઘણે ઊંચે સુધી ગઇ હોય તેને ડુંગર કહેછે."

બધાં લક્ષણો આ રીતે શીખવવાં. ગામ નજીકનું અડધું સુકાએલું તળાવ આ કામમાં બહુ મદદગાર થઈ પડશે. ત્યાં વર્ગને લઈ જઈ બેટ અખાત, સરોવર ભૂશિર વગેરે અનેક ભૂગોલને લગતા શબ્દનાં લક્ષણ શીખવવાથી બાળકને તેના અર્થનું ભાન પ્રત્યક્ષ અવલોકનથી સચોટ થશે.

ડુંગરમાંથી પથરા નીકળેછે, તે રસ્તા અને મકાન બાંધવામાં વપરા-યછે. ડુંગરના ઢાળપર અને નજીકની જમીનમાં પથરા અને ખડકો હોવાથી તે જમીનમાં માટીનો ભાગ થોડો હોયછે. સપાટ જમીન કરતાં અહીં વર્ષાદ પડેછે તો વધારે, પણ ડુંગરાને લીધે ઢાળ પડતી જમીન હોવાથી તે નીચાણમાં આવેલી નદીઓમાં ઘણી ઝડપથી વહી જાયછે, તેથી જમીનમાં પાણી પચી શકતું નથી. વનસ્પતિનો મુખ્ય ખોરાક પાણી અને માટી હોવાથી એવી ડુંગરાળ ધરતીમાં ઝાડો મોટાં થઈ શકતાં નથી, અને અનાજ પણ ઝાઝું થતું નથી. બે ડુંગરાની વચ્ચે નીચી

*નદી:-જિલ્લામાં નદીઓ બે દિશામાં વહેછે. જે નદીઓ ઇશાન તરફથી નીકળેછે તે નૈર્ઋત્ય તરફ ઢાળ હોવાથી તે તરફ વહેછે, અને જે નદીઓ પશ્ચિમમાં કાઠિયાવાડમાંથી નીકળેછે તે પૂર્વતરફ વહેછે, કારણ તે તરફ જમીન ઢાળ પડતી ગઈ છે. એકે નદીમાં વહાણ ફરી શકતાં નથી, તેમજ સ્થાનિક ઉપયોગ સિવાય ખેતીને પાણી પુરૂં પાડવામાં પણ ઝાઝી વપરાતી નથી. ઇશાન તરફથી આવતી નદીઓ ગોરાટ ભગરી જમીનમાં થઈ વહેછે. પશ્ચિમમાંથી આવતી નદીઓના પ્રવાહમાર્ગ નીચા ઊંચા થતા ગયા છે. કાળા ચગાબાળી ધરતીમાં થઈ તેઓ વહેછે. જિલ્લામાં સૌથી અગત્યની નદી (૧) સાબર છે. તે અમ્બાજીના નામીચા ધામથી થોડેક છેટે

જમીન હોયછે, તેને ખીણ કહેછે. તેમાં પાણી રેલાઈ આવેછે. અને તે પોતાની જોડે ડુંગરામાં જે થોડી માટી હોયછે, તેને ઘસડી લાવી ખીણમાં ઠારેછે. તે ચગું કહેવાયછે. એથી ખીણમાં સારો પાક ઉતરેછે, અને ઝાડ પણ ઠીક ફાલેછે. એવી રીતે ડુંગરાળ મુલકમાં ખેતી સારી ન હોવાથી વેપાર પણ સારો હોતો નથી, અને તેથી મોટી વસ્તીવાળાં ગામો પણ હોતાં નથી. સપાટ પ્રદેશ કરતાં ડુંગરાળ પ્રદેશમાં ઊંચાણને લીધે તાપ ઓછો લાગેછે, અને ટાઢ વિશેષ જણાયછે. માણસને પોતાનું ગુજરાન ચલાવવાને સપાટ પ્રદેશ કરતાં અહીં પાક ઓછો ઉતરતો હોવાથી વધારે મહેનત કરવી પડેછે, તેથી પહાડી માણસો પાધર જમીનમાં રહેનાર માણસ કરતાં વધારે મજબુત હોયછે. વળી ડુંગરાનો અંતરાય વચમાં આવવાથી ઉત્તર તરફનો ઠંડો પવન પહાડના દક્ષિણ તરફના પ્રદેશમાં વસતા લોકોને ઓછી અસર કરેછે, તેથી સપાટ પ્રદેશમાં એવા પવનના સપાટા ખાનાર લોક કરતાં આ પહાડી માણસો વધારે તનદુરસ્ત રહી શકેછે.

*જેમ દરીઆ પહાડથી દૂર તેમ નદીઓ લાંબી અને જેમ નજીક તેમ નદીઓ નાની હોયછે. જેમ કે સાબરમતી અને તેને મળનારી કેટલીકનાં મુળ આઘાં હોવાથી તેઓ લાંબી છે. એથી ઊલટું ઘોઘા તાલુકાની નદીઓ નાની છે. નાની નદીઓને એ રીતે ટૂંકો માર્ગ હોવાથી તેઓના માર્ગમાં ઢોળાવ વધારે આવવાથી તેઓના પ્રવાહમાં વેગ વધારે હોયછે, અને મોટી નદીઓ ઓછા ઢોળાવવાળી જગ્યા પરથી વહેતી હોવાથી તેઓના પ્રવાહ મંદ હોયછે. પોચી

અરવલ્લીના નૈઋત્ય ઢાળમાંથી નીકળી ૨૦૦ માઇલ વહી ખંભાતના અખાતને મળેછે. પ્રાંતીજ તાલુકાની વાયવ્ય સરહદપર એને હાથમતી મળેછે, ત્યારપછી એ સાબરમતી કહેવાય છે. વધારેમાં વધારે એ ૫૧૭ યાર્ડ પહોળી છે. મૂળ તરફ એના કાંઠા ઘણા ઊંચા છે, પણ મુખ આગળ તે જમીન સરસા થઈ જાય છે. કોઈ વાર રેલથી એ સારૂં ચગું મૂકેછે, અને કોઈવાર નરી રેતી પાથરી ખેડવા લાયક જમીનને નકામી બનાવે છે. એના પાત્રમાં ચગાવાળી જમીનમાં શેરડી, તમ્બાકુ, બટાટા અને સક્કરટેટીનો ભારે પાક ઉતરેછે. એના પાત્રે ઘણે ઠેકાણે પોતાની જગ્યા બદલ્યાની ચોકખી નિશાનીઓ મળી આવેછે. મુખથી ૧૨ માઇલિ ઉપલાણુ સુધી

જમીનપર થઈ વહેતી નદીઓ પોતાના પ્રવાહ જોડે માટીને સહેલથી ઘસડી લાવેછે, તેથી તે ઊંડી બનતી જાયછે. સાબરમતી અને તેને મળનારી નદીઓ એ કારણથી ઊંડી છે. ઘોઘા તાલુકાની નદીઓ કઠણ ખડકવાળી જમીનપર થઈ વહેતી હોવાથી છાલકી છે. નદીનું પાણી નજીકની જમીનમાં પસરતું હોવાથી બીજા પ્રદેશ કરતાં નદી કાંઠે વધારે ઝાડ ઉછરે છે, અને ખેતી પણ સારી થાયછે. નદી કાંઠાના લોકોને વધારે પાણી મળતું હોવાથી નદીથી દૂરનાં ગામોના લોક કરતાં વધારે સ્વચ્છ રહી શકે છે. જેમ કે ભાલના લોક કરતાં દશક્રોઇના નદી કાંઠાના ગામના લોક વધારે સ્વચ્છ દેખાય છે. નદીઓમાં રેલ આવવાથી તે ખેતીના પાકને કોઈ વાર નુકસાન કરેછે, પણ તે ચગું મૂકી જાય છે, તેથી પાછળથી ઘણો આબાદ પાક ઉતરેછે. વળી નદી મારફતે વર્ષાદનું પાણી દરીઆમાં ઝડપથી વહી જતું હોવાથી દેશની જમીન વર્ષાદ પછી ઝડપથી સુકી થઈ જવા પામેછે. જો નદીઓ ન હોત તો એ પાણી ખેતીના પાકને કહોવડાવત અને તેથી હવા બગડી માણસની તનદુરસ્તીને નુકશાન કરત. ઉન્હો પવન નદીની સપાટીપર થઈ આવતાં ઠંડો થઈ જાયછે, તેથી નદી વિનાનાં ગામો કરતાં નદી કાંઠાનાં ગામોમાં તાપ ઓછો લાગેછે. જેમકે ઊવારસદ કરતાં કોબા અને વળાદમાં તાપ ઓછો લાગેછે. જે ધંધાઓમાં વધારે પાણીનો ખપ પડેછે, તેવા ધંધા જેવાકે, લૂગડાં રંગવાં, લૂગડાં છાપવાં અને કાગળ બનાવવાનો ધંધો કરનાર લોકો ઘણા ખરા નદી કાંઠાનાં ગામોમાંજ વધારે વસેછે. જેમકે ઓરાણ અચીએર, અમદાવાદ અને વારણામાં ભાવસાર,

ભરતી આવેછે. એ નદીપર અમદાવાદ નજીક દુધેશ્વર, સપ્તઋષિ અને ખડ્ગધારેશ્વર એ પવિત્ર ઠેકાણાં ગણાયછે. ત્યાં સેંકડો લોક નહાવા આવે છે. ધોળકાથી અગ્નિ ખૂણાપર થોડે છેટે એ નદીપર વૌઠા ગામ છે, ત્યાં દરેક કાર્તિકી પુનેમપર મોટો મેળો ભરાયછે. તે પાંચ દિવસ પહોંચેછે તેટલામાં વેપાર પણ ઠીક ચાલેછે.

(૨) ખારી નદી પ્રાંતીજ તાલુકાની પેલી તરફ ૨ માઇલપરથી નીકળી નૈર્ઋત્ય તરફ ૧૦૫ માઇલ વહી સાબરમતીને મળેછે. એનું પાત્ર છીછરૂ અને વાંકું છે. પ્રાંતીજ તાલુકામાં ખારવા અને ખોજવા નામે નાની નદીઓ એને મળેછે. પ્રાંતીજ તાલુકામાંથી ગાયક-

---

છીપા અને કાગળ બનાવનારની વસ્તી બીજા ગામોના પ્રમાણમાં વિશેષછે. નદીના પાત્રોમાંથી રેતી, કાંકરી અને મરડીયા કાંકરા વિશેષ અને સહેલથી નીકળતા હોવાથી તે કાઢવાનો તથા તેની છો પકવવાનો ધંધો પણ નદી કાંઠનાં ગામોમાં વિશેષ જોવામાં આવેછે. મેશ્વોના કાંઠા પર આવેલા કુહા ગામ આગળ પુષ્કળ મરડીઆ કાઢવામાં આવેછે. નિશાળ બહાર અવલોકન કરાવીને અને નિશાળમાં પ્રયોગો કરી નદી વિષે નીચેની માહીતી આપી શકાય, (૧) વહેળા કે નદીમાં પાણી વહેછે, કારણ નદીનો પ્રવાહમાર્ગ તેના મૂળ આગળ વધારે ઊંચો હોઈ ત્યાંથી મુખ તરફ ઢાળ પડતો જાયછે. (૨) નદીઓમાં બાજુએ કરતાં મધ્ય ભાગમાં પાણી વધારે ઝડપથી વહેછે, કારણ બાજુઓપર કિનારાનું ઘર્ષણ લાગેછે. (૩) નદીઓનો પ્રવાહમાર્ગ સીધો હોતો નથી, કારણ પોચી જમીનને પાણી ઘસી નાંખી શકેછે, પણ કઠણ ખડક વચમાં આવવાથી પાણી ત્યાંથી ઢાળ પડતી બાજુએ જાયછે, તેથી નદી વાંકી-ચુંકી થાયછે. (૪) પોતાના માર્ગમાં વાંકીચુંકી થયા પછી નદી સાંકડી બનેછે. (૫) માર્ગમાં ખેતરોમાંથી વહેળા અને બીજી નદીઓ તેને મળેછે, તેથી તમાં પાણી વધેછે, અને તેનું પાત્ર મોટું થતું જાયછે. (૬) નદીના બાઠામાં રેતી અને નાની કાંકરી હોયછે, પણ મોટા કાંકરા અને પથરા તો પ્રવાહ માર્ગમાં પાણી નીચેજ હોયછે.

જે નદીઓમાં ભરતીનું પાણી ચઢતું હોય તથા તેઓના પ્રવાહ માર્ગમાં સીધા ઊભા ખડકો ન હોય તેવી નદીઓમાંજ વહાણો ફરી શકેછે. આ જિલ્લાની કોઈપણ નદીમાં ઘણે ઊંચેસુધી ભરતી ચઢતી ન હોવાથી તેમાં વહાણ ફરી શકતાં નથી.

વાડી દેહગામ તાલુકામાં થઈ, દશક્રોઇનો પૂર્વ ભાગ પસાર કરી એ ખેડા જિલ્લામાં દાખલ થાય છે, અને ધોળકાની સરહદપર સાબરમતીને મળેછે. એ ૨૦ ફૂટથી વધારે પહોળી નથી. દશક્રોઈના ધામતવાન ગામ આગળ દક્ષિણ તરફનો ઢાળ લઇ એ કેટલાંક વર્ષોથી મેશ્વોને મળી જવાનું વલણ ધરાવેછે, પણ માટીનો બંધ બાંધી લઈ તેમ થતું અટકાવવામાં આવ્યું છે.

(૩) મેશ્વો, માઝમ અને વાત્રક એ ત્રણ નદીઓ ડુંગરપુરની દક્ષિણથી નીકળેછે. તેઓનું વહેણ નૈર્ઋત્ય તરફનું છે. એ ત્રણમાં વાત્રક સૌથી મોટી એટલે ૧૫૧ માઇલ લાંબી છે. વાત્રક અને માઝમ મોડાસા પેટા મહાલમાં થઈ ખેડા જિલ્લામાં જાય છે, અને ત્યાં તેનો સંગમ થાય છે. મેશ્વો પ્રાંતીજમાંથી દેહગામ તાલુકામાં થઈ દશક્રોઈના પૂર્વ ભાગમાં થઈ ખેડા જિલ્લામાં જાયછે, ત્યાં એને વાત્રકને માઝમનો સંગમ આવી મળે છે. આગળ જતાં એ ત્રણેના સંગમને ખેડા જિલ્લાની શેઢી આવી મળેછે. એ ચારેનો સંગમ ધોળકાની પૂર્વ સરહદપર વણેઠા નજીક સાબરમતીને મળેછે. અહીં નજીકમાં ખારી પણ સાબરમતીને આવી મળેછે. અને સાબરમતીને હાથમતી તા૦પ્રાંતીજમાંજ મળેલી છે, તેથી વણેઠા નજીક*સાત નદીઓનું પાણી ભેગું થાય છે. આ ત્રણ નદીનાં પાત્ર સાંકડાં અને તેમાં નાના મોટા કાંકરા ઘણાછે. કોઈ કોઈ ઠેકાણે એના કાંઠાપર ઘણો સુન્દર દેખાવ હોય છે. અમદાવાદથી મોડાસે જતી સડકમાં હરસોલ નજીક મેશ્વો નદીપર ઈંટથી ચણેલો મજબુત પૂલ છે. (૬) શેલવા અને અન્ધારી નામે બે નાની નદી ધોળકા તાલુકાના દક્ષિણ ભાગમાં ઉત્તર તરફથી આવી સાબરમતીને જમણી બાજુએ મળેછે. (૮) ભોગાવો નદી ધોળકાના ધીંગડા ગામ આગળ થઈ દક્ષિણમાં ૧૦ માઇલ વહી લીંબડી રાજ્યમાંથી આવતી ઓંકારને ધોળકા તાલુકાના નૈર્ઋત્ય ખૂણામાં લોલિયા ગામ નજીક મળેછે. ત્યાંથી આ ભેગો સંગમ ધોળકા અને ધંધુકા તાલુકાની સરહદ બનાવતો ૧૧ માઇલ વહી સાબરમતીના મુખને

---

* તેથી કદાચ વણેઠા–બણેઠા-બે ઉઠા=સાત કહેવાતું હોય?

મળે છે. ભોગાવોમાં ઘણે ભાગે ઓંકારનું પાણી આવે છે, અને ઓંકારમાં થોડાંક વર્ષો થયાં ભાદરનો એક ફાંટો વાળવામાં આવ્યો છે. ચોમાસામાં નળ સરોવરનું પાણી પણ ભોગાવોમાં રેલાઈ આવે છે. આ નદીનું પાણી ખારૂં છે. (૯) ભાદર નદી કાઠિયાવાડમાં ચોટીલાના પહાડના દક્ષિણ ભાગમાંથી નીકળી ૧૧ માઇલિનો રસ્તો લઈ શેખડોલ ગામ આગળ આ જિલ્લામાં દાખલ થાય છે. એ નદી એના આખા માર્ગમાં છાછર છે. પાલિયાદના રાજ્ય અને ધંધુકાની હદ બનાવતી એ રાણપુરના કિલ્લાની દિવાલોને અડીને વહેછે. રાણપુર આગળ ગોમા નામે નાની નદી એને મળેછે. એ સંગમ આગળ એક નાનો બેટ બને છે. ધંધુકાથી થોડે છેટે વાયવ્યમાં આશરે ૯૦ વર્ષપર એના મૂળ પ્રવાહમાંથી એક ફાંટો નીકળી અડવાલ આગળ થઈ ફેદરા અને લોલિયા વચ્ચે ઓંકારને મળ્યો છે. મુખ્ય પ્રવાહ ધંધુકા નજીક થઈ ધોલેરા તરફ જઈ ઊંડા અને પહોળા મુખ વડે ખંભાતના અખાતને મળેછે. આ રસ્તે જતાં ખસ્તા ગામ આગળ એ ચાર માઇલિમાં એ અદૃશ્ય થઈ જાયછે. ખસ્તાથી પૂર્વમાં થોડે છેટે કાસન્દ્રા ગામ આગળ *ધારી નામે વહેળો એને ઉત્તર તરફથી આવી મળેછે. (૧૦) ઉતાવળી નદી કાઠિયાવાડની હદમાં પાલિયાદ કસ્બાની પૂર્વમાંથી નીકળી બોટાદ તરફથી એક વહેળાને પોતામાં ભેળવી બરવાળા નજીક થઈ સમુદ્ર તરફનો રસ્તો લેછે. નાવડા ગામ આગળ ભીની પોચી જમીનમાં ભળી જઈ અદૃશ્ય થઈ જાયછે. એ જગાએથી ઉત્તરમાં ૩-૪ માઇલિપર નીલકા નદી કે જે, આ તાલુકાના માલણપુર ગામ આગળ થઈ આવેછે, અને ભીમનાથના નામીચા ધામ આગળ થઈ વહેછે, તે એવી રીતેજ અદૃશ્ય થઈ જાયછે. પીંજારીઆ અને આઢિયા નામે બે નાની નદીઓ આ વિભાગમાં છે. (૧૪) રોહર નદી સાણંદ અને ધોળકા તાલુકાના પશ્ચિમ ભાગમાં આવી છે. ખરૂં જોતાં એ નદી નથી, પણ મૂળ અને મુખ વિનાનો

---

* આવી નાની નદીઓપર જે તાલુકામાં એ આવી હોય ત્યાં આ ભૂગોળ શીખવતાં ધ્યાન આપવાનું છે.

એક લાંબો ખાડો છે. ઉત્તર દક્ષિણ એ ૨૬ માઇલ લાંબોછે. ચોમાસામાં એમાં ઘણું પાણી હોયછે. એના દક્ષિણ છેડાપર નીચી સપાટ જમીન હોવાથી ત્યાં એ પાણી ફેલાઈ જાય છે, તે જ્યારે સુકાઈ જાયછે, ત્યારે જમીનની સપાટી નીચે રહેલો ખાર ઉપર તરી આવેછે. ફેબ્રુઆરી આખરે આ નદી અથવા ખાડો સુકાઈ જાય છે. માત્ર કેશરંડી અને દુમાલી ગામ આગળ ઊંડા ખાડામાં થોડું પાણી રહેછે. આ ખાડાઓમાંનું પાણી ઘઉંનાં ખેતરોને પાવામાં આવેછે. (૧૫) ઘોઘા તાલુકામાં ખોખરાના ડુંગરામાં ખોખરા નજીક માલનાથ મહાદેવના દહેરા નજીકના કુંડમાંથી માલેસરી નદી નીકળેછે. એનો એક ફાંટો બહાડી અને પડવા વચ્ચે થઈ અને બીજો ફાંટો ભાવનગર અને અવાણિયા વચ્ચે થઈ ખંભાતના અખાતને મળેછે.

ઓખનો ખાડો લાંબો અને પહોળો હોઈ સાબર અને હાથમતીના સંગમ આગળથી શરૂ થઈ દક્ષિણ તરફ વહેછે. એ પાણીથી ભરેલા ખાડા અને ભીની પોચી જમીનના કકડાની હાર છે. એમાં જે સૌથી મોટોછે, તે મોટો ઓખ કહેવાયછે. તેણે ૧૫૬ એકર જમીન રોકી છે. અને ૩૦ ફુટ ઊંડો છે. નાનો ઓખ પ્રાંતીજ કસ્બાની પશ્ચિમે ૩૫ એકરના વિસ્તારનો છે. એ સરેરાસ ૪ ફુટ ઊંડો છે. મુધાસણા ગામ આગળ ખારી નદી ઓખના ખાડામાં સમાઈ જાય છે. ચોમાસામાં પુષ્કળ પાણી ઓખમાંથી ખારી નદીમાં જાય છે, પણ સુકી મોસમમાં તેમ થતું નથી. દંતકથા એવી છે કે અહમદશાહના વસાવેલા અમદાવાદને પૂરતું પાણી આપવાને તેના હુકમથી હાથમતીને પુસ્તો બાંધી સાબરમતીમાં વાળી હતી, તેથી ઓખ એ હાથમતીનો જૂનો પ્રવાહ માર્ગ છે.

સરોવરઃ—જિલ્લામાં સૌથી મોટું સરોવર નળ છે. એનું પાણી ખારૂં છે. ધરતીકમ્પથી કે બીજા કોઈ કારણથી આજુ બાજુનો દરીઓ ખસી જવાથી અને એ ઠેકાણે મોટો ખાડો હશે, તેથી એ પાણી રેલાઈ જતું રહી જવાથી એ સરોવર બન્યું છે. અમદાવાદથી નૈર્ઋત્યે ૩૭ માઇલ પર ૪૯ ચોરસ માઇલના વિસ્તારનું

એ છે. એના ઘણા ભાગમાં આખું વર્ષ પાણી રહેછે. વર્ષાદની મોસમમાં એની ઉત્તર બાજુએથી એમાં પાણી આવે છે. કમી વર્ષાદે એ કોઈવાર સુકાઈ પણ જાય છે. એ ૬ ફુટથી વધારે ઊંડું નથી. એને ફરતા સપાટ મેદાનમાં નીચાં ઝાંખરાં ઊગ્યાં છે. પૂર્વ બાજુએ કંઈ પાળ જેવો દેખાવ નૈઋત્યના પવનથી ઉડી આવેલી રેતીના ટેકરાથી બન્યો છે. બાકીની ત્રણ બાજુએ તેવો દેખાવ નથી અને ત્યાં ઘાડાં બરૂ અને ઘાસ ઊગી નીકળ્યાં છે. વર્ષાદ પરવાર્યા પછી એના છાછર ભાગમાં પાણી મળકાં થઈ જાય છે, અને માર્ચ આખરે તો તે ખારૂંજ થઈ જાય છે. એની ભીની પોચી જમીનમાં હજારો દરીઆઈ પક્ષીઓ વસેછે, તેથીજ અમદાવાદના શિકારીઓ એણી તરફ વારમ્વાર ઊતરી પડેછે. ઊન્હાળામાં ઘાસથી છવાએલા બેટો ઢોરને ચરવાનાં બીડ બનેછે. અહીં બરૂ બહુ થાયછે, તે છાપરાની છાજમાં વપરાયછે. અને તેના કાળા રંગનાં ડીંડવાં જેવાં મૂળિયાંને તડકે સુકવવાથી તેના ઝેરી રેસાવાળાં છોડાં ઉખડી જવાથી માંહેના ગરને દળી લોટ કરી તેના રોટલા કરી ગરીબ લોકો દુકાળમાં ખાય છે. ખેતીનો પાક કમી થાય, ત્યારે એ તરફના લોકોનો એ ઉપયોગી ખોરાક થઈ પડેછે. એ મૂળાડિયાંને તેઓ બીર કહેછે. નળ સરોવર અને ભોગાવો નદી મળી આગલા વખતમાં સમુદ્રનો એક ફાંટો હતો, અને તે કચ્છના રણ સાથે જોડાએલો હતો એમ કહેવાય છે. તેથી તે વખતે કાઠિયાવાડ એક બેટ હતો. નળ સરોવર અને કચ્છના રણને જોડનારી સામુદ્રધુની જેટલો વસ્તીવાળો કોઈપણ ભાગ આખા ગુજરાતમાં નીચો નહીં હશે એમ ધારવામાં છે. ઘણા દિવસ સુધી ભારે વર્ષાદ હોયછે, ત્યારે રણ-માંથી નળમાં અને નળમાંથી ભોગાવો મારફતે ખંભાતના અખાતમાં પાણી આવેછે. એથી કાઠિયાવાડ એક બેટ બની જાયછે. નળ સિવાય કુદરતી સરોવર જિલ્લામાં એકે નથી, પણ મોટાં અને સારાં બાંધેલાં તળાવોની સંખ્યા ઠીક છે. અગાઊના વખતમાં વણઝારા અને ભરવાડો અહીં ઘણા આવતા અને જતા તેથી એ તળાવો મોટાં બાંધવાની જરૂર પડી હતી. હાલ એમાંનાં કેટલાંકનું પાણી

ખેતીમાં લેવાય છે. એ તળાવોમાં અમદાવાદથી દક્ષિણે ૨ માઇલ પર (૧) ચંડોળા ૧૮૧ એકરના વિસ્તારનું છે. એમાંથી ડાંગરના ક્યારડાને પાણી અપાય છે. (૨) કાંકરીઉં* શહેરથી દક્ષિણે ૧ માઇલ પર ૭૨ એકરના વિસ્તારનું છે. અમદાવાદના સુલતાન કુતુબ–ઉદ્દ–દીને ઈ. સ. ૧૪૫૧ માં બંધાવ્યું તેથી હોઝ–ઇ–કુતુબ પણ કહેવાય છે. એને ફરતી પત્થરની પાળ અને માંહે ઊતરવાને પગથિયાં પણ છે. એવી જાતનાં એટલે પત્થરની બાંધણીનાં, બહુકોણાકાર ઘાટનાં અને શોભિતાં તળાવોમાં આખા હિન્દમાં એજ સૌથી મોટું છે. ૧૯૦ ફુટની એક એવી ૩૪ બાજુઓ એને છે. એ જુનું થઈ પુરાઈ જવાથી ત્રીશેક વર્ષપર અંગ્રેજ સરકારે એને સમરાવી હાલની સ્થિતિમાં મૂક્યું છે. ખારી નદીમાંથી એક નહેર ખોદી લાવી એમાં મેળવી દીધીછે. એમાંથી ચંડોળામાં પાણી લઈ જઈ શકાય છે. (૩) શહેરથી પૂર્વમાં થોડે છેટે રખીઆલ ગામ નજીક મલેક શાબાનનું તળાવ ૭૧ એકરના વિસ્તારનું, પત્થરની બાંધણીનું અને અષ્ટકોણાકાર ઘાટનું છે. એની ઊંડાઈ ઝાઝી નથી. (૪) સરખેજનું તળાવ ૨૬ એકર વિસ્તારનું લમ્બચોરસ ઘાટનું છે. એ મહંમદ બેઘડાએ શેખ અહમદખાતુ ગંજબક્ષની કબર પાસે બંધાવ્યું છે. એને પણ પત્થરની પાળ અને પગથિયાં છે. (૫) માનસર કે મિનલસર વિરમગામ કસ્બાની પશ્ચિમે ૧૫ એકરના વિસ્તારનું સિદ્ધરાજની મા મિનલદેવીએ બંધાવ્યું છે. એનો આકાર અનિયમિત છે. એની પાળ પર સુન્દર કોતરણીવાળાં ૩૬૦ દહેરાં હતાં, પણ હાલ તે કમી થએલાં છે. એમાં આસપાસના પ્રદેશનું પાણી પ્રથમ એક અષ્ટકોણાકાર અને સુન્દર કોતરણીવાળા કુંડમાં

* એ ખોદતાં માંહેથી પુષ્કળ કાંકરા નીકળ્યા તેથી કાંકરીઉં કહેવાય છે. વળી એમ પણ કહેવાય છે કે એ જ્યારે તૈયાર થયું ત્યારે સુલતાન તે જોવા ગયા ત્યારે તેમના જોડામાં એક કાંકરો ભરાઈ ગયો તેથી કાંકરીઉં કહેવાય છે. અમદાવાદ ગેઝીટીઅર સને ૧૮૭૯ પૃષ્ઠ ૧૭.

આવી તેમાં ઠર્યા પછી આવેછે. (૬) *મલાવ તળાવ ધોળકા કસ્બાની પશ્ચિમે ૪૮ એકરના વિસ્તારનું મિનલદેવીએજ બંધાવેલું છે. એને પણ પત્થરની પાળ અને પગથિયાંછે. (૭) ખાન તળાવ ધોળકાની પશ્ચિમે આશરે ૩૦૦ વર્ષપર દિલ્હીના કોઈસિરવરખાને અષ્ટકોણાકાર અને ૨૫ એકરના વિસ્તારનું બંધાવ્યું છે. એની વચમાં એક બેટમાં પડી ગએલું મકાનછે. ત્યાં જવાને પત્થરનો રસ્તો બાંધેલો છે. †(૮) ધંધુકા કસ્બાના વાયવ્ય ખુણાપર મુલતાન તળાવ ૨૦ એકરનુંછે. એની છોબંધી પાળ હાલ ભાગી તૂટી હાલતમાં છે. મુલતાન નામના કોઈ મોગલ અમલદારે એ બંધાવેલું કહેવાય છે. (૯) ધોલેરામાં ધર્મકુંડમાંથી ૬૦ એકરના વિસ્તારનું તળાવ બંધાવ્યું છે. એની ત્રણ બાજુઓ પત્થરથી બાંધેલી છે. (૧૦) ઘોઘાના સોનારિયા તળાવનો આકાર કાટખૂણચોખૂણછે. તેણે ૪૮ એકર જમીન રોકીછે.

ખેતીને પાણી પાવાનું કામઃ—જિલ્લાની ઘણીખરી નદીનાં પાત્રો ઊંડાં હોવાથી અને તેઓના કાંઠા બહુ ઊંચા હોવાથી નદીઓનું પાણી ખેતરોમાં ઝાઝું લેવામાં આવતું નથી, તોપણ સાબરમતીમાંથી કાસન્દ્રા નજીક વરાળયંત્રવડે શેરડીનાં ખેતરોને પાણી પાવામાં આવેછે. વળી સાબરમતી, ખારી, ઉતાવળી અને ભાદર

---

* મલાવનો આકાર પોતાની ધાર્યા પ્રમાણેનો કરવામાં તેની પૂર્વ બાજુએ આવેલું રામજનીનું ઘર લેવાની મિનલદેવીને જરૂર પડી, તેથી તે ઘરના મ્હોં માગ્યા દામ આપવા તેણે કહ્યું, પણ માલિકે ના પાડી અને કહ્યું કે, તળાવ બંધાવવાથી રાણીનું નામ જેટલું પ્રખ્યાત થશે, તેના જેટલુંજ મારૂં નામ એ ઘર નહીં આપવાથી થશે. મિનલદેવી ઈન્સાફી હોવાથી તેણે રામજનીને ફરજ પાડી નહીં. મિનલદેવીની આવી વર્તણુકથી તળાવના ઘાટમાં અનિયમિતપણું આવ્યું છે, જે અદ્યાપિ દેખાય છે, તોપણ તેની ન્યાયી વર્તણુકનો દાખલો હજી સુધી લોકિક કહેવતમાં જળવાઈ રહ્યો છે કે "ન્યાય જોવો હોય તો મલાવની મુલાકાત લો."

† આવાં નાનાં તળાવો જે તાલુકામાં તે આવ્યાં હોય ત્યાંની નિશાળોમાંજ શીખવવાં.

નદીઓમાંથી કોશ વડે પાણી ખેંચી ખેતરોને પાય છે. કુવાઓનું પાણી તો ઘણે ઠેકાણે કોશ વડે ખેતરોને પવાયછે, પણ એમાં મેહનત અને ખર્ચ વધારે થાયછે, કારણ કુવા ૩૦ થી ૫૦ હાથ ઊંડા હોયછે. તળાવોનું પાણી ડાંગરના ક્યારડાઓને શિયાળાની શરૂઆતમાંજ માત્ર પાવામાં આવે છે. નહેરો વડે મોટા જથામાં ખેતરોને પાણી પાઈ શકાય, પણ આ જિલ્લામાં મોટી મુશીબત એ છે કે, એના ઘણા ભાગનું ભોંયતળીઉં રેતાળ હોવાથી લાંબા અંતરપર પાણી વહેવડાવી લઈ જતાં અડધું પાણી જમીનમાં પચી જાયછે, અને જ્યાં પાણી શોષી લે એવું ભોંયતળીઉં નથી, ત્યાં નદીઓ એવડી મોટી નથી કે ત્યાં નહેરો થઈ શકે, તોપણ એવી એક નહેર ખોખની પશ્ચિમ બાજુએથી શરૂ કરી કાંકરી-આમાં અને પછી ચંડોળામાં લાવી મુકી છે. ચંડોળામાંથી દશક્રો-ઈના દક્ષિણ ભાગમાં ડાંગરના ક્યારડામાં પાણી આપવામાં આવેછે. આ નહેરમાં વધારે પાણી થવા માટે રાયપુર આગળથી એક નહેર ખારીમાંથી ખોદી તેને મેળવી દીધી છે. ખારીમાં પાણી વધારવા અને તેના કાંઠા નજીકના પ્રદેશને પાણી આપવા એક બીજી નહેર હાથમતીમાંથી અહમદનગર નજીકથી ખોદી છે. તે ૨૦ માઈલ વહી ખારીને મળેછે. આ નહેરમાંથી ડાંગરના ક્યાર ડાને પાણી આપવામાં આવેછે.

સમુદ્રકાંઠોઃ—અમદાવાદ જિલ્લામાં સમુદ્રકાંઠો આશરે ૭૦ માઈલ લાંબોછે. તે ધંધુકા તાલુકાની ઈશાન સરહદથી શરૂ થઈ ઘોઘા તાલુકાની છેક દક્ષિણે આવેલા લાકઠીઆ ગામથી પૂર્વમાં ૧૦ માઈલ પર પૂરો થાય છે. એમાં આશરે ૧૫ માઈલનો કાંઠો ભાવનગર રાજ્યમાં આવેછે. દરિયા કાંઠા પર ભરતીનાં મોજાં અથડાવાથી જ્યાં પોચી જમીન હોય ત્યાંથી માટી કે રેતી ધોઈ નાખી ખાંચા પડેછે, અને જ્યાં જ્યાં કઠણ ખડક હોય ત્યાં તેમ થતું નથી, પણ જમીનના ભાગ દરીઆ તરફ નીકળી આવેલા હોય છે. વળી દરીઆને નદી આવી મળેછે, તેપણ કાંઠાને ઓછો વધતો ખંડિત બનાવેછે. એથી

દરીઆકાંઠો વાંકોચુંકો હોયછે. અને જેમ વધારે ખાંચા હોય, તેમ કાંઠાપર બંદરો, બારાં અને ખાડીઓ વધારે હોવાથી ત્યાં વેપારની જોગવાઈ વધારે હોયછે. તેથી ત્યાંના લોકો દરીઆઈ સાહસ ખેડવાને વધારે ટેવાએલા હોયછે. એથી ઘોઘા અને ધોલેરા નજીકના લોકો દૂર દરીઓ ખેડેછે. આ ૭૦ માઇલ લાંબા કાંઠાપર કેટલેક ઠેકાણે મોટા ખાંચા પડેલા છે અને કેટલેક ઠેકાણે જમીન દરીઆમાં વધી ગએલી માલમ પડેછે. એવા ખાંચાઓ ખાડી કહેવાય છે.

અખાત:—આ જિલ્લામાં ખંભાતનો અખાત તેની દક્ષિણે આવ્યો છે. એની પશ્ચિમે ધંધુકા અને ઘોઘા તાલુકા આવ્યાછે. એ અખાતને સાબરમતી તથા મહી નદીઓ ઉતરે તથા નર્મદા અને તાપી વગેરે બીજી કેટલીક નદીઓ પૂર્વ બાજુએ આવી મળેછે. પશ્ચિમ તરફથી પણ કેટલીક નાની નદીઓ એને મળેછે. સાબરમતી, મહી, નર્મદા અને તાપી ઘણે દૂરથી અને ઘણે ભાગે પોચી જમીનપર થઈ આવી મળતી હોવાથી પોતાના પ્રવાહ જોડે પુષ્કળ માટી ખેંચી લાવી આ અખાતમાં નાખેછે, તેથી તે દિન-પર દિન પૂરાતો જાયછે. અગાઉ એ ઊંડો હતો, ત્યારે ઘણાં વેપારી વહાણો એમાં ફરતાં, પણ હાલ મોટાં વહાણો આવી શકતાં નથી, તેથી એના કાંઠાપર આવેલાં બંદરોનો વેપાર કમી થતો જાયછે.

ખાડીઓ:—ધોલેરાની ખાડી એ ધોલેરાબંદર પાસેછે. એ ભાદર નદીના મુખમાં બનીછે. એ નદી વારમ્વાર પોતાનો માર્ગ બદલેછે, તેથી આ ખાડીમાં પણ ફેરફાર થતો રહ્યોછે. વળી ભાદર નદી પુષ્કળ માટી લાવતી હોવાથી આ ખાડી પુરાતી જાયછે. એવું કહેવાયછે કે, ૧૬ મી સદીમાં આ ખાડી ધોલેરાથી ઉત્તરે ૧ માઇલ પર હાલ મોરાઇ માતા છે ત્યાંસુધી આવેલી હોવાથી ત્યાં સુધી વહાણો આવતાં. ૧૯ મી સદીની શરૂઆતમાં હાલમાં ખૂણ બંદર છે, તેની દક્ષિણે એક માઇલપર વહાણ આવી શકતાં. રાહાતળાવ, પછી બાવલીઆળી અને આંબળી આગળ બંદર

થયા પછી ઈ. સ. ૧૮૪૬ થી પાછાં ખૂણ બંદર આગળ વહાણો લંગરવા થવા લાગ્યાં છે. હાલ ખૂણ બંદર પણ પુરાતું જાયછે.

બાવળીઆળીની ખાડી તેના મથાળાપર આવેલા બાવળીઆળી ગામ ઉપરથી કહેવાય છે. ધોલેરાની ખાડીના મુખથી આ ખાડીનું મુખ દક્ષિણે ૧૬ માઇલપર છે. આ ખાડીનો એક ફાંટો અંગ્રેજી રાજ્ય અને ભાવનગર રાજ્યની સરહદપર છે. આ ખાડી ૧૦ માઇલ લાંબી તેના મુખથી વાયવ્ય તરફ જાયછે. વધારેમાં વધારે એ ૨૦૦ યાર્ડ પહોળી છે. આગળ જતાં સાંકડી થતી જઈ સુકી જમીનમાં લય પામેછે. મોટી ભરતી વખતે એ ૩૫ ફુટ ઊંડી બનેછે. નાની ભરતી વખતે મુખથી ૧½ માઇલ સુધીજ પાણી ચઢેછે. સાતેમ આઠેમની ભરતીએ ૨૩ ફુટથી ઓછું પાણી હોતું નથી. રેલનું પાણી કલાકે ૧¾ અને ઓટનું પાણી કલાકે ૨¾ માઇલને વેગે એમાંથી ઊતરી જાયછે. એનું તળીઊં માટી અને રેતીથી ભરેલું છે. એને કિનારે ઝાડ અને ઘાસ થાયછે. ફેબ્રુઆરી આખર સુધી એને કાંઠે પુષ્કળ મીઠું પાણી મળી શકેછે, પણ ઉન્હાળામાં બાવળીઆળી ગામથી તે લાવવું પડેછે.

ઘોઘા કસ્બા પાસે ઘોઘાની નાની ખાડી છે. નાની ભરતીએ તો એ કોરી પડી જાયછે, પણ મોટી ભરતીએ નાનાં વહાણો એમાં દાખલ થઈ શકે છે. વહાણમાંથી ઉતરવાની જગ્યાથી ¾ માઇલ છેટે મોટાં વહાણો લંગરવા થાય છે. પવનના સપાટાથી એના બારાનું રક્ષણ દક્ષિણમાં પીરમના બેટથી તથા ઉત્તરમાં રેતીના ભાઠાથી થાયછે, અને પૂર્વ તરફનો પવન તો ભાગ્યેજ હોયછે.

બન્દરોઃ—આખા જિલ્લામાં મુખ્ય બંદરો બે છે. ત્રીજું બાવળીઆળીનું બન્દર છે ખરૂં, પણ ઝાઝું વપરાશમાં નથી. ધોલેરા અને ઘોઘા એ બન્ને બન્દરોમાં નજીકના પ્રદેશમાં માલ લઈ જવા લાવવામાં નાનાં વહાણો જે મછવા કહેવાયછે, તે વપરાય છે. દૂરના ભાગો જોડે મોટાં વહાણો જે પડાવ અને બતેલા કહેવાય છે,

તે વેપાર ચલાવેછે. આ બધાં વહાણો બીલીમોરા અને દમ્મણમાં બંધાયછે, કારણ ધોલેરા નજીક તે બાંધવાનાં લાકડાં થતાં નથી. ઘોઘામાં આગલા વખતમાં વહાણો બંધાતાં, પણ ઘોઘાનો વેપાર જ્યારથી દરીઓ પુરાઈ જવાથી મંદ પડવા લાગ્યો ત્યારથી બીલકુલ બંધાતાં નથી, અને વહાણ બાંધનારા મુમ્બઈ તરફ ચાલ્યા ગયાછે. હાલ આ બન્ને બંદરોમાં ભરૂચ, સુરત, બીલીમોરા, વલસાડ અને દમ્મણ વગેરેથી માણસો અને માલ આવજા કરે છે. ધોલેરેથી ઘણે ભાગે રૂ મુમ્બઈ જાયછે. એમાં એક કાચી ગાંસડીનું ભાડું ૧૨ આનાથી ૨$\frac{1}{4}$ રૂપીઆ સુધીનું હોય છે.

દીવાદાંડીઓઃ—ઘોઘા પાસેના પીરમ બેટપર આવતાં જતાં વહાણો, નજીકના ખડકો જોડે અથડાઈ ભાગી જતાં અટકાવવા ખાતર એક દીવાદાંડી છે. એ ઈંટોથી ચણેલી અને પત્થરની ગોળાકાર સીઢીવાળી છે. એનાપર પવનચક્કી પણ છે. દીવાનું ફાનસ ૧૦૦ ફુટની ઊંચાઇએ છે. ફાનસના કાચ એવી યુક્તિવાળા છે કે દીવો ઘણે દૂરથી દેખાય. ૨૦ માઇલ દૂરથી એ દીવો દેખાય છે. વળી ઘોઘાથી ઈશાને એક બીજી દીવાદાંડી છે. તે ૧૦ માઇલ દૂરથી દેખાય છે. ધોલેરાની ખાડીના મુખ આગળ પણ એક લાકડાના થાંભલા ઉપર પાંચ ફાનસો બળતાં રાખવામાં આવેછે. એ દીવો ૫૦ ફુટ ઊંચો અને ૧૫ માઇલ દૂરથી દેખાયછે.

બેટઃ—પીરમનો બેટ ખંભાતના અખાતમાં છે. તે એક ખડકનો ટેકરો છે. ઘોઘાથી દક્ષિણે ૪$\frac{1}{2}$ માઇલિપર અને કાઠિયાવાડના કિનારાથી ૨$\frac{1}{2}$ માઇલિપર છે. એનો કેટલોક ભાગ ઉડેલી રેતીથી ઢંકાએલો છે. ભરતીને વખતે એ ૧$\frac{1}{2}$ લાંબો અને $\frac{3}{4}$ માઇલ પહોળો હોયછે. એની આસપાસ ભરતી બહુ જોરથી ચઢે છે, તેથી અહીં વહાણોને આવવું જોખમ ભરેલું ગણાય છે. પશ્ચિમ તરફ માટી અને મરડીઆ કાંકરાના ટેકરા ૨૦ થી ૩૦ ફુટ ઊંચા છે. પૂર્વમાં સારી જમીન છે. તેમાં બાજરી પાકેછે. બાકીના ભાગમાં કાળી જમીન છે, પણ તે રેતીથી ઢંકાએલી રહેછે. ચોમાસામાં તો અહીં કોઈ રહેતું નથી, પણ કોરી મોસમમાં

ખેડુત, માછી અને દીવાદાંડીવાળા મળી ૨૫–૩૦ માણુસો રહેછે. ૧૪ મી સદી સુધી એ બેટ બારિયા કોળીના હાથમાં અને પછી પ્રખ્યાત ગોહેલ મોખડાજીના હાથમાં આવ્યો. મોખડાજી ચાંચીઆપણું કરતો હોવાથી ઈ. સ. ૧૩૪૭ માં મહંમદ તઘલખે તેને હરાવ્યો અને માર્યો. કેટલાંક દહેરાંના શેષ છે, તેમાંના એકમાં બુદ્ધની મૂર્ત્તિ છે. પીરમ બેટ તેના *ફૉસિલો માટે ઘણો નામીચો છે. લાકડું પત્થર જેવું થએલું જમીનમાંથી નીકળે છે. કેટલાંક ભૂચર અને જલચર પ્રાણીઓનાં પણ ફૉસિલો મળી આવેછે. પીરમ સિવાય સાબરમતીના મુખ આગળ એક નાનો બેટ છે, તે પીલુનાં ઝાડવાંથી ભરપુર છે. તેમાં આગલા વખતમાં સિંહ અને વાઘનું રહેઠાણ હતું.

†**આબોહવા:**—સાધારણ મોસમ ત્રણ છે. ૧. શિયાળો, ૨. ઉન્હાળો અને ૩. ચોમાસું. શિયાળો નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી હોયછે. ગુજરાતના બીજા કોઈપણ જિલ્લા કરતાં અહીં ટાઢ વધારે પડેછે. ઈશાન તરફનો સુકો પવન એ વખતે ઘણો વાયછે, તેથી ટાઢ વધારે છે. તોપણ એ મોસમમાં ઉષ્ણતાદર્શક યંત્રમાં પારો સાધારણ રીતે ૫૫ અંશથી નીચે જતો નથી. કોઈ કોઈ વાર હિમ પડેછે, ત્યારે ખેતરમાંના છોડ તદ્દન બળી જઈ બહુ નુકશાન થાય છે. માર્ચથી જુન આખર સુધી ઉન્હાળો છે. એ વખતે પશ્ચિમ તરફથી પવન વાય છે. દિવસે તાપ અતિશય પડેછે. ફેબ્રુઆરી અને જુન એ ઘણા તનદુરસ્ત ગણાયછે. જાન્યુઆરીમાં ઓછામાં ઓછી સરાસરી ગરમી ૫૫ અંશ જેટલી અને વધારેમાં વધારે ૮૦ અંશ હોયછે. મે માસમાં એ પ્રમાણ વધીને અનુક્રમે ૮૧ અને ૧૦૫ નું હોયછે. જુન આખરથી અકટોબર આખર સુધી ચોમાસું હોયછે. અકટોબરમાં મંદવાડ વિશેષ હોયછે. એ મહિનામાં ઘોઘા તાલુકામાં તાજી, ઠંડી અને

---

* ફૉસિલ=જમીનમાં દટાએલાં પ્રાણી અને વનસ્પતિના શેષ ભાગ.

† વાતાવરણમાં રહેલાં ભેજ, ઉષ્ણતા, વર્ષાદનું પ્રમાણ, પવનની દિશા અને બળ વગેરેનું વર્ણન આબોહવાના મથાળા નીચે આવેછે.

સુખકારક સમુદ્ર લહેરીઓ આવેછે, તે સિવાય આખા જિલ્લામાં પવન બંધ પડી જાયછે. બીજા બધા મુલકોની માફક ચોમાસામાં પડી ગએલો વર્ષાદ સુકાતો હોવાથી દરેક કોહેલી વસ્તુમાંથી ખરાબ હવા નીકળવાથી એ મહિનામાં ઘણા જણને તાવ આવેછે. સરાસરી વર્ષાદ ૩૦ ઈંચ પડેછે, પણ મોડાસાના પહાડી પ્રદેશમાં વર્ષાદ વધારે હોયછે. સાધારણ રીતે જિલ્લાના મધ્ય ભાગમાં ઉન્હાળામાં અને બીજી મોસમમાં પણ તાપ વધારે પડેછે, કારણ રેતાળ પ્રદેશ હોવાથી ઝટ તપી જાયછે. મોડાસામાં તેના ઊંચાણને લીધે મધ્ય ભાગ કરતાં તાપ કમી લાગેછે. અને ધોધા તરફ દરીઆ નજીક હોવાથી તાપ ઓછો લાગેછે. મોડાસા અને ધોધાની ડુંગરાળ ધરતી કરતાં જિલ્લાના મધ્ય ભાગની પાધર અને વધારે માટીવાળી ધરતી વધારે ભેજ ગ્રહણ કરી શકતી હોવાથી એ પાછલા પ્રદેશમાં શેરડી, ડાંગર, કેળ, કંદમૂળ વગેરે પાકી શકેછે. વળી ડુંગરાળ જમીનમાં ખેડાણ ઓછું થવાથી પડતર જમીન વિશેષ રહેછે. તેમાં ઘણું ઘાસ થતું હોવાથી અહીં ઢોર ઉછેરવાનું વધારે અનુકૂળ પડેછે, અને તેથી દૂધ, દહીં, માખણ અને ઘી વગેરે સસ્તાં હોયછે. ધોધા અને મોડાસા કરતાં મધ્ય પ્રદેશમાં તાપ વધારે હોયછે, તેથી એ મધ્ય પ્રદેશમાં કેરી, ટેટી, રાયણ વગેરે ફળ પાકવાને વધારે અનુકૂળ.પડેછે. ગુજરાતના બીજા ભાગ કરતાં અહીં તાપ વધારે હોય છે, તેથી ઘણાં ખરાં માણસોનાં શરીર અને મગજ વધારે કલાક સુધી લાગટ કામ કરવાને અશક્ત હોય છે. બીજા જિલ્લાઓ કરતાં વર્ષાદ ઓછો પડતો હોવાથી મજબૂત છોબંધી મકાનો બાંધવાની જરૂર બધા લોકોને જણાઈ નથી. કોઈવાર વધારે વર્ષાદ પડેછે, ત્યારે થાંભલાવિનાનાં અને માટી તથા ઈટોથી ચણેલાં ઘરો એકદમ પડી જાયછે. નીચે બતાવવામાં આવશે તેમ વર્ષમાં ત્રણ પાક ઊતરતા હોવાથી આખું વર્ષ ખેડુતોને કામ પહોંચેછે, તેથી તેઓ બીજા જિલ્લાના ખેડુતો કરતાં વધારે ઉદ્યોગી હોઈ શરીરે વધારે મજબૂત બનેછે.

જમીન અને તેમાં થતી પેદાશ વગેરેઃ—જિલ્લામાં જમીન

મુખ્યત્વેકરી બે જાતની છે. કાળી* અને ગોરાટ. કેટલાંક ગામોમાં એ બન્ને જાતની જમીન હોયછે, પણ સાધારણ રીતે એમ કહી શકાય કે કાળી જમીન પશ્ચિમ ભાગમાં અને ગોરાટ પૂર્વ ભાગમાં છે. કાળી જમીનના તળીઆમાં મરડીઆ કાંકરા અને મગીઆ કાંકરી હોય છે. એ કાળી જમીનનું પડ પાતળું અને તેમાં ખાર ભળેલો હોય છે. ગોરાટ જમીન વધારે ભેજ સંઘરી રાખતી હોવાથી ચોમાસુ અથવા ખરિફ પાક લીધા પછી શિયાળુ અથવા રવિ અને ત્યારપછી ઉન્હાળુ કે હરી પાક આપવાને શક્તિમાન હોયછે. કૂવાનું પાણી પાવાથી અને જમીનમાં ખાતર નાખવાથી એ ગોરાટ જમીન ત્રણ પાક આપી શકેછે. ધોળકા અને ધંધુકાના બારાની નીચી જમીનમાં જો વધારે વર્ષાદ પડેછે તો કપાસ સારો પાકેછે, અને જો ઓછો પડે તો ઘઉંના પાકને અનુકૂલ થઈ પડેછે. સાણંદ અને ધોળકાના વાયવ્ય ભાગમાં પાણીની તંગીને લીધે દશક્રોઈ કરતાં હલકી જાતની ડાંગર થાયછે. ગોરાટ † અને

---

* કાળી ધરતી કપાસ અને ઘઉંના પાકને વધારે અનુકૂળ હોવાથી એવી ધરતીમાં તેવો પાક વધારે સારો થાયછે. ઘણો કપાસ થવાથી તેને પીલી રૂ બનાવવાનો ધંધો આપોઆપજ ઉત્પન્ન થાય છે, અને તેથીજ ગોરાટ પ્રદેશ કરતાં આ ભાગમાં ધોલેરા, ધંધુકા. રાણપુર, વિરમગામ, માંડલ, બાવળા અને સાણંદમાં કપાસ લોઢવાનાં કારખાનાં છે. આ નાનાં ગામોમાં લાખો રૂપીઆનો બંદોબસ્ત રોકનાર થોડા હોવાથી એ ઉત્પન્ન થએલા રૂનાં લુગડાં વણવાનો ધંધો મોટા પાયાપર અહીં ચાલી શકતો નથી. તેથી એ ધંધો પોતાનું ઠેકાણું ધનવાન લોકોના ગામ તરફ કરે એ બનવા જોગ છે. એ પ્રમાણે રૂનાં લુગડાં વણવાને અમદાવાદમાં અનેક મિલો કામે લાગેલી છે. એ સંચાઓમાં પેદા થએલા માલને પરદેશ મોકલવાને અમદાવાદમાં કેટલીક રેલવે લાઈનો છે. આ સંચાઓમાં ઘણાં મજુરો જોઈએ, તેથી ગામડાંઓમાંથી હજારો માણસો અમદાવાદમાં આવી વસ્યાં છે. એથી શહેરની વસ્તી વધીછે. વસ્તી વધવાથી તેઓને વાપરવાની ચીજોનો બહોળો ખપ લાગી વેપાર પણ વધ્યોછે.

† ગોરાટ જમીન બાજરી, ડાંગર, કઠોળ વગેરેને વધારે અનુકૂળ હોવાથી તેવો પાક આ પ્રદેશમાં વધારે અને સારો થાયછે. ગોરાટ

કાળી સિવાય બીજી એ જાતની જમીન આ જિલ્લામાં છે, પણ તેનો વિસ્તાર ઝાઝો નથી. સાબરમતીમાં રેલ આવવાથી તેના કાંઠાના પ્રદેશમાં માતબર ચગું પાથરેછે, તેથી એ ચગાવાળી ધરતી એવી તો ફળદ્રુપ બનેછે કે, અહીંના જેવો આબાદ પાક આખા જિલ્લામાં બીજે કોઈ ઠેકાણે થતો નથી. અહીં પાણી જમીનની સપાટીથી થોડે દૂર હોવાથી થોડે ખરચે ખેતરોને પાણી પાઈ શકાયછે. ચોથી જાતની જમીન તે રતાશ પડતા રંગની પણ ડુંગરાળ ધરતી પ્રાંતીજ તાલુકાના કેટલાક ભાગમાં, રાણપુર નજીક અને ધોધા તાલુકામાં છે. એમાં કાંપ કરવાથી એ પણ ફળદ્રુપ બનેછે. જિલ્લાની કુલ જમીનનો ૬/૮ ભાગ ખેડાણમાં છે, અને વસ્તીનો લગભગ અડધો ભાગ એ ધંધાપર લાગેલો છે.

ખેતીના પાકમાં:—ઘણાં ખરાં અનાજ† અને કઠોળ જિલ્લાના ઘણા ભાગમાં થાય છે. આદુ, મરચાં, હળધ, લસણ, રાઈ, મેથી, ધાણા, જીરૂં અને વરીઆળી જિલ્લાના ઘણા ભાગમાં પણ વિશેષે કરી ધોળકા અને દશક્રોઈ તાલુકામાં થાય છે. રંગમય પદાર્થોમાં કસુમ્બી ધોળકામાં, ગળી દશક્રોઈમાં અને કેસુડાં સાણંદ, મોડાસા અને ધોધામાં થાયછે. રેસામય પદાર્થોમાં કપાસ આખા જિલ્લામાં ઓછો વધતો બધે થાય છે. શણ અને ભીંડી દશક્રોઈ અને પ્રાંતીજમાં થાયછે. તેલી બીયાંમાં તલ, દીવેલી બધે, મહુડાના ડોળ

જમીન કાળી જેટલી કઠણ હોતી નથી, પણ પોચી હોયછે, તેથી ઝાડોનાં મૂળ સહેલાઈથી ઊંડાં જઈ શકવાથી કાળી ધરતી કરતાં અહીં ઝાડો મોટાં અને ઘટાદાર થઇ શકેછે. વળી પોચી ધરતી હોવાથી એમાં સૂરણ, બટાટા, કંદ વગેરે મોટા કદનાં થાયછે, પણ તે ફીકાં હોયછે, કારણ કાળી ધરતીમાં માટી વધારે હોવાથી એ કંદોને તેમાંથી જેટલું પોષણ મળી શકે છે, તેટલું ગોરાટમાંથી મળી શકતું નથી. ગોરાટ ધરતી ભેજ વધારે સંઘરી રાખતી હોવાથી અહીં પાણી થોડા જથામાં મળી શકેછે, તેથી પાક વધારે થાયછે, અને તેથી કુદરતી રીતેજ એવા પ્રદેશમાં માણસની વસ્તી વધારે હોય છે. એથી ગામો અને શહેરો મોટાં હોય છે. તેથી વેપાર વધારે અને તેને લીધે રેલવે, તાર, સડકો અને પોસ્ટ ઑફિસોનો ખપ વધારે પડેછે. †. શિક્ષકે એનાં નામ કહેવાં.

તથા કણજી દશક્રોઈ તથા પ્રાંતીજમાં અને, સરસવ વિરમગામ તથા મોડાસામાં અને અળસી ધોળકામાં થાયછે. બગીચા અને વાડીની પેદાશમાં જામફળ, શેરડી દાડમ, કેળાં, સૂરણ, બટાટા, રતાળુ અને શકરીઆં વિશેષે કરી ધોળકા અને દશક્રોઈમાં થાય છે. અનેક જાતની શાક તરકારી અને ફૂલો આખા જિલ્લામાં ઓછાં વધતાં બધે થાય છે. તમ્બાકુ એ ખેતીના પાકમાં અગત્યની વસ્તુ છે, અને તે જિલ્લાના ઘણા ભાગમાં થાય છે.

ખેતીના પાક સિવાય બીજી **वनस्पति** પેદાશ સારી થાયછે. હાલ **जंगल** તો એકે નથી, પણ મોડાસાના ડુંગરાપર સાગ, ખેર, વાંસ વગેરે થાયછે. એ ઇમારતી કાટ જિલ્લામાંજ ખપી જાયછે. આગલા વખતમાં અમદાવાદ નજીક સીસમ અને ધોળકા નજીક સુખડ થતી. એ સિવાય જિલ્લાના ઘણા ભાગમાં આંબા, રાયણ, મહુડા, વડ, પીપળા, પીપળ, લીંબડા, બાવળ, બોરડી, જાંબુડા, આંમલી, આમળી અને ખાખર વગેરે ઝાડો થાયછે. તાડ અને ખજુરી આ જિલ્લામાં બહુ થોડાંછે. આમાંનાં કેટલાંક ઝાડોનાં ફળોનો બહોળો ઉપયોગ થાય છે. કેટલાંકનાં લાકડાં ઇમારત બાંધવામાં અને બાળવામાં વપરાયછે. ખેર અને બાવળનો ગુંદર પણ ખાધામાં આવેછે. એ સિવાય સક્કરટેટી અને તરબૂચ જેના વેલા થાય છે તે વનસ્પતિ પેદાશમાં અગત્યની જગ્યા લેછે, કારણ અમદાવાદની ટેટી તેની મીઠાશ માટે આખા ગુજરાતમાં નામીચી છે. ખાખરનાં પાતરાંની પત્રાવળીનો પણ ઠીક વેપાર ચાલે છે.

खनिजः—વિરમગામ તાલુકાના ખારાઘોડા ગામ આગળ દરીઓ ખશી જવાથી રણ બન્યું છે. તેમાં કૂવા ખોદી તેના પાણીથી સરકારની દેખરેખ નીચે મીઠું પકવવામાં આવેછે. એ મીઠું વરાગડું* કહેવાય છે. તેના ગાંગડા નાના સોપારી જેવડા થાય છે. એ ગુજરાત, મધ્ય પ્રાન્ત અને રજપૂતાના તરફ મોટા

---

* હિન્દી બડા ગડા ઉપરથી વરાગડું શબ્દ થએલો લાગેછે. બડા=મોટા + ગડા=ગાંગડો.

જથામાં જાયછે. ઘોઘા નજીક લોઢાનાં વળાં પથરાએલાં જણાયછે. વિરમગામ તાલુકાના કેટલાક ભાગમાં એવી માટી છે કે, જેમાંથી સુરોખાર બનાવી શકાય. ધોલેરાની આસપાસની જમીનમાંથી પણ અગાઉ ઘણો સુરોખાર બનાવવામાં આવતો, પણ હાલ તે બનતો નથી. પ્રાંતીજની પશ્ચિમમાંથી ઘણો ઊસ મળી આવેછે. તે સાબુ બનાવવામાં ઘણો ખપેછે. ઘોઘા તાલુકાના મોરચંદ ગામ નજીકથી ભૂતડો નામે કાંકરી વિનાની ધોળી માટી નીકળેછે, તે મુમ્બઈ તરફ જાય છે, અને ધાતુ ગાળવાની કુલડીઓ બનાવવામાં ખપેછે. ચિત્રવિચિત્ર તસરોવાળો અથવા દોરાદાર અકીક કે ગોમેદ રાણપુર નજીકથી મળી આવેછે. છો પકવવાના મરડીઆ કાંકરા બધી નદીઓમાંથી, જળપ્રવાહ• માર્ગોમાંથી અને વિરમગામથી નૈર્ઋત્યે ૮ માઇલપર કાંકરાવાડી ગામ આગળથી નીકળે છે. એ સડકો બાંધવામાં પણ ખપેછે. ઘોઘા તાલુકામાં મકાન બાંધવાના અનેક જાતના પથરા મળી આવેછે.

जानवरो अने तेनी पेदाश:—ખેતીના કામમાં મુખ્યત્વે કરીને બળદ વપરાયછે. દશક્રોઈ, સાણંદ, વિરમગામ અને ધોળકા તાલુકાના બળદો કદાવર અને મજબૂત છે.* સાણંદના છારોડી ગામ આગળ બળદો ઉછેરવાની એક સંસ્થા સ્થપાઈ છે. બળદ સિવાય ગ્રામ્યપશુમાં ગાયો, ભેંસો, ઘોડાં, બકરાં, મેઢાં, ઊંટ અને ગધેડાં છે. અમદાવાદ જિલ્લાના ઘોડા આખા ગુજરાતમાં વખણાયછે. અમદાવાદમાં સારા ઘોડા ઊછેરવાની એક સંસ્થા આશરે ૩૫ વર્ષથી સરકારે રાખી છે. એમાં સારા અરબી વાલી ઘોડાથી અને દેશી ઘોડીઓથી ઓલાદ વધારવામાં આવેછે. વર્ષમાં એકવાર ઘોડાઓનું પ્રદર્શન થાયછે, તેમાં સારા ઘોડાવાળાને ઇનામ આપવામાં આવેછે. મરઘાં અને બતક બધે ઠેકાણે ઓછાં વધતાં છે. ગાય, ભેંસ, બકરાં, મેઢાં અને ઊંટનું દૂધ, તેનું દહીં, છાશ, માખણ અને ઘી ખાધામાં આવેછે. વળી મેંઢાના વાળ જે ઊન કહેવાય છે, તેની કાંબળીઓ ધંધુકાના અણીઆળી ગામમાં સારી વણાય છે. ભાલમાં ચોમાસામાં

ઘોડાને બદલે પાડાપર સવારી કરવામાં આવેછે, કારણ તેના ખરીવાળા પગ કાદવમાં ઘોડાના પગ જેટલા પેશી જતા નથી. **જંગલી** જાનવરોમાં વાઘ, ચિત્તો, રીંછ, વરૂ, તરસ, ભૂંડ, રોઝ, અને શિયાળ છે. એમાંનાં ઘણાં ખરાં હિંસક પ્રાણીનો અંગ્રેજી અમલમાં નાશ થઈ ગયો છે. અનેક જાતનાં હરણ જિલ્લામાં બધે છે. નાનાં જાનવરોમાં સસલાં અને જંગલી બિલાડીઓ છે. એમાંનાં કેટલાંક* જાનવરો મરી ગયા પછી તેનાં ચાંમડાં, હાડકાં, શિંગડાં વગેરે માણસના ખપમાં આવે છે. અનેક જાતનાં પક્ષીઓ થાય છે, તેમાં સૌથી સુન્દર પક્ષી મોર આખા જિલ્લામાં બધે છે. નદી, તળાવ અને દરીઆમાં અનેક જાતની માછલીઓ થાય છે.

હુનર ઉદ્યોગની ચીજોઃ—સુતરાઊ અને રેશમી કાપડ અમદાવાદ, ધોળકા અને વિરમગામમાં ઘણું બને છે. અમદાવાદ અને વિરમગામમાં તે હાથનું તેમજ વરાળયંત્રથી પણ બનાવવામાં આવેછે. સુતરૂ, રેશમી અને કસબી કાપડ અમદાવાદમાં ઘણું સારૂં બનેછે અને તે ઘણા જુના વખતથી દૂર દેશાવર જાયછે. અમદાવાદના કિનખાબ, રેશમી ધોતીજોડા, દુપટ્ટા અને ગજીએ હાલ અહીં પાદશાહી નહીં છતાં આખા દેશમાં એની પ્રખ્યાતિ જેવી ને તેવી જાળવી રાખી છે. અમદાવાદમાં તાંબા પિતળનાં વાસણો સોનેરી રૂપેરી ફીત કિનારી, કાગળ, લાકડા અને ધાતુપરનું કોતર કામ થાય છે. સોના રૂપાનાં ઘરેણાં, લોઢાનું કામ તથા માટીનાં વાસણ એ દરેક મોટા ગામમાં થાયછે. ઊંચા પ્રકારનું લક્કડ કામ અમદાવાદ, ધોલેરા અને મોડાસામાં થાય છે, પણ સાધારણ લક્કડ કામ ઘણાં ખરાં મોટાં ગામોમાં થાયછે. પ્રાંતીજમાં †સાબુ બનેછે. જાડું સુતરાઊ કાપડ હાથે

*** એ જાનવર તે કયાં અને તેના કયા કયા અવયવો શાશા કામમાં આવેછે તે શિક્ષકે બતાવવું. † ૨૫ મણ ચૂનો, ૧૫ મણ ઊસ અને ૯ મણ ડાળીઊ એ પ્રમાણમાં મેળવી સાબુ બનાવેછે.**

વણવાનો ધંધો દરેક મોટા ગામમાં ચાલેછે. તેલી બીયાં પીલવાનું કામ પણ ઘણાં ગામોમાં થાયછે.

વેપાર અને તેનાં સાધનો:—ગુજરાતના બીજા કોઈ પણ જિલ્લા કરતાં આ જિલ્લામાં વેપાર ઘણો છે. અમદાવાદ શહેર ઘણા જુના વખતથી વેપારમાટે નામીચું છે. નદી મારફતે ચાલતો વેપાર અહીં બીલકુલ નથી. દરીઆ માર્ગે કેટલોક વેપાર ધોલેરા અને ઘોઘામાં ચાલે છે, પણ ખંભાતનો અખાત પુરાતો જવાથી એ વેપાર કમી થતો જાય છે. આગલા વખતમાં જ્યારે રેલવે નહતો, ત્યારે ધોલેરાનો માલ અમદાવાદ થઈ ઉત્તર હિન્દમાં જતો. અંગ્રેજી રાજ્ય (ઈ. સ. ૧૮૦૧–૨) થયા પછી આખા જિલ્લાનો વેપાર એકન્દરે વધ્યો છે. ખુશ્કી અથવા જમીનપરનો વેપાર અગાઉ ગાડાં, ઊંટ, પોઠી વડે ચાલતો, પણ હાલ તો ઘણે ભાગે આગગાડી મારફતે ચાલેછે. જિલ્લા માંહેલો વેપાર બાંધેલી સડકોપર થઈ ગાડાં મારફતે ચાલે છે. એવી સડકો* જિલ્લાના દરેક મોટા ગામ અને કસ્બા વચ્ચે છે. જિલ્લામાં રેલવે લાઇનો† પણ અનેક છે. (૧) મુમ્બઈ વડોદરા રેલવે જિલ્લામાં બારેજડી આગળથી દાખલ થાય છે, અને અમદાવાદ, વિરમગામ આગળ થઈ ખારાઘોડા સુધી જાય છે. (૨) રજપૂતાના માળવા રેલવે અમદાવાદથી ઉત્તર તરફ જાયછે. (૩) પ્રાંતીજ રેલવે અમદાવાદથી દશક્રોઈ અને પ્રાંતીજ તાલુકામાં થઈ જાય છે. (૪) ધોળકા રેલવે સાણંદ અને ધોળકા તાલુકામાં થઈ અમદાવાદથી જાય છે. (૫) રજપૂતાના લાઇનની એક શાખા મહેસાણાથી જુદી પડી વિરમગામ તાલુકામાં થઈ વઢવાણ તરફ જાય છે. આ પાંચમાંની પહેલી લાઇન તે પહોળા માપની અને બાકીની ચાર સાંકડા માપની છે. રેલવે લાઇનોની સાથે તાર આંફિસો પણ હોય છે, તે વેપારીઓના સંદેશા

---

* નકશામાંથી એવી સડકો શિક્ષકે છોકરાઓને બતાવવી અને નજીકમાંની એકાદનું પ્રત્યક્ષ અવલોકન પણ કરાવવું.

† જિલ્લાનાં રેલવે સ્ટેશનો શોખવી શકાય.

પણ પહોંચાડી આપે છે. એ સિવાય અમદાવાદ શહેરમાં અને ધોલેરામાં એકેકી સરકારી તાર ઑફિસ છે. લીંબડી સ્ટેશનેથી તાર જુદો પાડી ધંધુકે થઈ ધોલેરે લઈ જવામાં આવ્યો છે. વળી વેપારને અનુકૂળ પડવાને જિલ્લાના દરેક મોટા ગામમાં પોસ્ટ ઑફિસ છે, તે સરકારી કાગળો જોડે ખાનગી લોકોના કાગળો પણ લઈ જવા લાવવાનું કામ કરે છે. મોટી પોસ્ટ ઑફિસો સાથે તારનો સમ્બન્ધ પણ જોડાયો છે.

જિલ્લામાંથી સુતરાઉ, રેશમી, અને કસબી કાપડ, રૂ, અનાજ, તેલી બીયાં, મીઠું, સુતર, ઘી, તેલ, દીવેલ, મહુડાં, ચામડાં, તમ્બાકુ, ઊન, ગળી, ધાતુનાં વાસણ, સાબુ અને કાગળ વગેરે ચીજો પરદેશ જાય છે. પરદેશથી જિલ્લામાં વિલાતી સુતરૂ, રેશમી અને ઊનનું કાપડ, કાચ કામ, લોખંડી કામ, ગોળ, ખાંડ, ધાતુઓ, ઇમારતી કાટ, નાળીઅર, અનાજ, સુકો મેવો, સુતર, ઊન, કરિયાણું, હાથીદાંત, કેશર અને ખજુર વગેરે માલ આવેછે.

વેપારનાં અને जाणवाजोग ठेकाणां અને *वस्ती :—(૧) અમદાવાદ એ જિલ્લાનું મુખ્ય શહેર જિલ્લાના ઇશાન ભાગમાં ખંભાતના અખાતના મથાળાથી ૫૦ માઇલપર સમુદ્ર સપાટીથી ૧૧૩ ફૂટની ઊંચાઇએ આવ્યું છે. શહેરને ફરતો કોટ છે, તેની બહાર પણ વસ્તી વધી ગઈ છે. શહેરની-પશ્ચિમે સાબરમતી વહેછે. શહેરમાં અને તેની બહાર આગલા વખતની મસીદો, કબરો, મિનારા, કુવા અને વાવો જ્યાં ત્યાં દીઠામાં આવેછે. સુલતાન અહમદે ઈ. સ. ૧૪૧૧ ના માર્ચની ૪ થી તારીખે વસાવેલું માટે અહમદ–આબાદ=અમદાવાદ કહેવાય છે. એ વસ્યું ત્યારથીજ મુસલમાનોના હાથમાં હતું. તેમની પાસથી મરેઠા પાસે અને તેમની પાસથી અંગ્રેજોને ઈ. સ. ૧૮૧૭ માં મળ્યું ત્યારથી

* આખા જિલ્લામાં વસ્તીવાળાં ગામ અને કસબા મળી ૮૭૪ છે. આખા જિલ્લાની વસ્તી ૭૯૫૬૬૭ માણસની છે. વસ્તીના આંકડા સને ૧૯૦૧ ની ગણતરી પ્રમાણે લીધાછે.

એની વસ્તી અને વેપાર વધ્યાંછે. શહેરમાં કેટલીક અંગ્રેજી ગુજરાતી નિશાળો, દવાખાનાં, પાંજરાપોળ અને ઉત્તમ કારીગીરીનાં કેટલાંક જાણવા જોગ *મકાનો દહેરાં અને વાવો છે. એમાં સૌથી વધારે અગત્યનો તે અમદાવાદનો કિલ્લો જે ભદ્દર નામે ઓળખાયછે તે છે. અસલ રાજધાની પાટણમાં ભદ્રકાળી નામે કિલ્લો હતો, તેના ઘાટને અને નામને મળતો કિલ્લો અહમદશાહે અમદાવાદ વસાવ્યું તેજ વર્ષમાં બંધાવી તેને ભદ્દર નામ આપ્યું. એ કિલ્લો ચોરસ આકારનો, ૪૩ એકર વિસ્તારનો અને ૮ દરવાજાવાળો છે. મુખ્ય દરવાજે અને પોસ્ટ ઑફિસની વચ્ચે કાલિકાનું દહેરૂં છે. આ દરવાજા નજીક ઊંચી દિવાલપર ઘડિયાળ છે. અહમદશાહે પોતાના કુટુમ્બ માટે એક મસીદ બંધાવી હતી. ભદ્દરના લાલ દરવાજા પાસે સીદી સૈયદની મસીદ છે, જેની એ બારીઓમાં ઝાડની ડાળીઓ કોતરેલી છે, જેની કોતરણી એવી તો ઉત્તમ છે કે, તેવી કોતરણી હિન્દમાં બીજે કોઈ ઠેકાણે નથી. હાલ ભદ્દરમાં કેટલીક સરકારી કચેરીઓ ભરાયછે. અમદાવાદમાં ભદ્દર સિવાય બીજો એક કિલ્લો છે, તે ગાયકવાડની હવેલીને નામે ઓળખાય છે. એ રાયખડ ને આનજહાન દરવાજા વચ્ચે છે. ઈ. સ. ૧૭૩૮ માં એ બંધાયોછે. ભદ્દરથી પૂર્વમાં થોડે છેટે સુલતાન અહમદે બંધાવેલા ત્રણ દરવાજા છે. એ પત્થરના અને થોડાક નકસીકામવાળા છે. ત્રણ દરવાજાથી વધારે પૂર્વમાં જતાં જમ્મા મસિદ આવેછે. એ શહેરમાંની બીજી મસિદો કરતાં મોટી અને સુન્દર છે. એ પણ સુલતાન અહમદે ઈ. સ. ૧૪૨૪ માં પૂરી કરાવી હતી. મધ્યમાં ફરસબંધીનો ચોક છે, જેની દિવાલોપર કુરાનનાં વાકયો છે. ચોકની વચમાં હોઝ છે. પશ્ચિમમાં બંદગીની જગ્યા છે. વચમાંના બારણાનો મહેરાબ કાળા આરસનો છે, તે પારસનાથની મૂર્ત્તિનો ભાગ છે, એમ કહેવાય છે. મસિદમાંના પત્થરના થાંભલા સાદા છે. એ મસિદની બાંધણી

---

* બીજાં જાણવા લાયક મકાનો અને ઠેકાણાં જરૂર જોગાં શિક્ષકે શિખવી લેવાં.

હિન્દી તથા મુસલમાની કારીગીરીની મિશ્રણ ઘાટીની છે. સુલતાન અહમદની કબ્બર અહીં છે. જુમ્માામસીદથી ઇશાનમાં મોટા રસ્તાની સામી બાજુએ વલંદાની હવેલી છે. વલંદા અહીં ઇ. સ. ૧૬૧૯ માં વેપાર કરવા આવ્યા હતા. તેઓની એ હવેલી, કોઠી કે વખાર હતી. આસરે ૨૫ વર્ષ વલંદાઓએ એ કોઠી વાપરી હતી. વલંદાની હવેલીથી ઇશાનમાં આસરે ૫૦૦ યાર્ડને છેટે સ્વામીનારાયણનું મંદિર એ એક સુન્દર અને વિશાળ મકાન છે. એને બંધાયાને ૫૫ વર્ષ થયાં છે. દહેરાનો ઘુમટ અષ્ટ કોણાકાર હોઈ બાર થાંભલા ઉપર છે. આ દહેરા નજીક પાંજરાપોળ અને નવગજા પીરની કબ્બરો છે. દહેરાની દક્ષિણે ૩૦૦ યાર્ડપર જહાંગીર પાદશાહના વખતમાં બંધાયલી ટંકશાળ છે. દિલ્હી દરવાજા બહાર શેઠ હઠીસિંગનું બંધાવેલું જૈન દેવસ્થાન અને બંગલો જોવા લાયક છે. એ બંધાયાને ૫૭ વર્ષ થયાં છે. એનાપર ૨૦ લાખ રૂપીઆ ખરચાયા છે. દહેરાનું કોતરકામ સાધારણ છે. એમાં તીર્થંકરો તથા સાધુઓની મૂર્ત્તિઓ આરસની છે. મુખ્ય મૂર્ત્તિ ધર્મનાથની છે. આ દહેરાથી પૂર્વમાં એક માઇલપર અસારવા ગામ આગળ દદા હરી અને માતર ભવાનીની વાવો જોવાજોગ છે. (દદા=દાસી) મહમદ બેઘડાના જનાનાની એક દાસી હરી નામે હતી તેણે એ વાવ રૂપીઆ ત્રણ લાખ ખરચી ઇ. સ. ૧૪૮૫ માં બંધાવી હતી. એ વાવ ૧૯૬×૪૦ ફૂટ છે. એ માંહેથી પગથિયાં અને પગથારવાળી તથા અષ્ટકોણાકાર હોઈ કોતરકામથી ભરેલી અને ઘુમટદાર છત્રીવાળી છે. અડાલજની વાવ સિવાય બીજી એકે વાવ ગુજરાતમાં આના જેવી નથી. માતર ભવાનીની વાવ એનાથી ઉત્તરમાં છે. જૂના શહેર અસાવલ કે કરણાવતીની નિશાનીમાં આટલી એકજ વાવ રહી છે. એ પાંડવોએ બંધાવેલી કહેવાય છે. હઠીસિંગના દહેરાથી વાયવ્યમાં ૧૧ માઇલપર શાહીબાગ છે તે શાહજહાં પાદશાહે ઇ. સ.૧૬૧૬ માં દુકાલીઆઓને આશ્રય આપવા ખાતર બંધાવ્યો હતો. હાલ બંગલો છે, બાગ તો જતો રહ્યો

છે. શહેરની દક્ષિણે એક માઇલપર શાહઆલમનો રોઝો એ અમદાવાદી સુલતાનોની જાહોજલાલીના દાખલાઓમાંનો એક છે. એના ઊંચા મિનારા જોનારનું ખાસ કરી લક્ષ ખેંચેછે. વટવાવાળા કુત્બ–ઊલ્–આલમનો બેટો શાહ આલમ હતો, તેની યાદમાં આ રોઝો અને મસીદ છે. અહીં એની કબર પણ છે. મહંમદ બેધડાનો એ શિક્ષક હતો. વિશાળ ચોકમાં એક હોજ છે, તેની ડા બાજુએ શાહ આલમની કબર છે. કબરના ઘુમટને સોના તથા ઝવેરાતથી સણગારવામાં આવ્યો હતો. શહેરથી ઉત્તરે ૩ માઇલપર લશ્કરી છાવણી છે, ત્યાં ગોરૂં અને દેશી લશ્કર રહેછે. અમદાવાદનો વેપાર ૧૫ મી સદીમાં આબાદ હતો, ત્યાર પછી પડતીમાં આવ્યો, પણ હાલ તે ઘણો સતેજ બન્યો છે. હાલ ૨૫–૩૦ મિલો કાપડ વગેરે માલ બનાવવાને કામે લાગી છે. વેપારની મુખ્ય ચીજ સુતર, રેશમ અને કસબ હોવાથી એવું કહેવાયછે કે, અમદાવાદ ત્રણ તારપર જીવે છે. શહેર નજીક બે મોટા લોઢાના પૂલો સાબરમતીપર છે. તેપર થઈ જિલ્લાનો પુષ્કળ માલ ગાડાં તથા આગગાડી મારફતે આવજા કરેછે. આખા ગુજરાતનું મુખ્ય મથક અમદાવાદ હોવાથી કેટલાક પ્રાંતિક અમલદારો જેવાકે રેવિન્યુ અને પોલિસ કમિશ્નર, એજ્યુકેશનલ ઇન્સ્પેકટર અને મોટા ઈજનેર સાહેબ વગેરે અહીં રહેછે. વસ્તી ૧,૮૫,૮૮૯ માણસની છે.

(૨) **અડાલજ:**—અમદાવાદથી ઉત્તરમાં ગામ. અહીં એક મોટી અને સુન્દર વાવ જોવા લાયક છે. તે રૂપીઆ પાંચ લાખને ખરચે વાઘેલા રાજા વીરસિંહ (કલોલના) ની રૂડાં રાણીએ આસરે ચારસો વર્ષપર બંધાવી હતી. ગુજરાતમાં એવડી મોટી અને સુન્દર વાવ એકે નથી.

(૩) **ગીરમથા:**—અમદાવાદથી દક્ષિણમાં થોડા માઇલપર ગામ. એની પાસે પીરાણાનો રોઝો છે. ઈમામશાહ નામે ઈરાની સૈયદ આસરે સાડા ચારસો વર્ષપર અહીં આવેલો, તેના કેટલાક ચમત્કારથી નામીચો થઈ સુલતાન બીજા મહંમદની બેટી

જોડે પરણ્યો હતો. તેના માનમાં આ રોઝો બંધાવ્યોછે. ઇમામશાહ અને બીજા સન્તોની અહીં કબરો છે. રમઝાન, શ્રાવણ અને ભાદરવામાં તથા દરેક સુદ બીજપર મેળા ભરાય છે. હિન્દુ અને મુસલમાન બન્ને એને માને છે. અહીંના મહન્ત કાકા કહેવાય છે.

(૪) **વટવા:**—અમદાવાદથી દક્ષિણે ગામ. અહીં બે કબરો અને તે ઉપરના રોઝા અને એક મસીદ જોવા લાયક છે. કબરની કોતરણી ઉત્તમ પ્રકારની છે. એ કબર બુરહાન–ઉદ્દીન કુત્બ–ઉલ–આલમ અને તેમના એક બેટાની છે. એ સન્ત પ્રખ્યાત શાહ આલમના પિતા હતા. એ રોઝો બંધાયાને આશરે સાડાચારસો વર્ષ થયાંછે. બાટવા નામના રબારીએ એ સન્તની સારી સેવા બજાવેલી, તેથી તેનું નામ કાયમ રાખવા સન્તે અહીં જે વસ્તી થઈ તેને બટવા–વટવા ગામ કહ્યું હતું.

(૫) **સરખેજ:**—અમદાવાદથી નૈઋત્યમાં સાણંદ તાલુકાનું ગામ. અમદાવાદ વસાવનાર અહંમદશાહના દોસ્ત શેખ અહમદ ખાતુ ગંજે બક્ષની કબર અને રોઝોછે. એ પણ આશરે સાડાચારસો વર્ષપર બંધાયો છે. મહમદ બેધડો અહીં ઘણી વાર રહેવા આવતો. તેણે એ કબર પાસે એક તળાવ અને મહેલ બંધાવ્યો હતો, જે હાલ ભાગી ટૂટી હાલતમાં છે. એ કબરની પાસે મહંમદ બેધડાની, તેના બેટાની અને તેની બેગમની કબરો છે. એ કબરોની કોતરણી ઘણી ઊમદા છે. અગાઊ અહીં ગળી ઘણી થતી તેથી વલંદાની કોઠી પણ હતી.

(૬) **ફતેહવાડી:**—સરખેજ નજીકમાં ગામ મીરજાં ખાનખાનાને ગુજરાતના છેલ્લા પાદશાહ મુઝફ્ફર ત્રીજા ઉપર આશરે સવાત્રણસેં વર્ષપર અહીં જીત મેળવી હતી, તેથી એવું નામ.

(૭) **સાણંદ:**—એજ નામે તાલુકાનો મુખ્ય કસ્બો અમદાવાદથી પશ્ચિમે ૧૬ માઇલપર છે. અહીંનો તમ્બાકુ વખ-

ણાય છે. રેલવે સ્ટેશન અને મ્યુનિસિપાલિટી છે. *સરકારી કચેરીઓ છે. વસ્તી ૬૭૮૩.

(૮) પ્રાંતીજ:—અમદાવાદ જિલ્લામાં તાલુકો અને તેનો મુખ્ય કસ્બો. મ્યુનિ૦ અને રેલવે છે. વસ્તી ૮૧૭૫ ખ્રિસ્તિ મિશનખાતું અને તેમની નિશાળો છે. ખોખના ખાડાને પૂર્વ કાંઠે છે. આગળ એનો વેપાર ઠીક હતો, પાછળથી તે પડી ભાગ્યો હતો, પણ હાલ પાછો જાગતો થયો છે. દેશી સાબુ બની તે દેશાવર જાયછે. અમદાવાદથી ઇશાને ૩૩ માઇલપર છે. સરકારી કચેરીઓ છે.

(૯) મોડાસા:—પ્રાંતીજ તાલુકામાં પેટા વિભાગ અને તેનો મુખ્ય કસ્બો. મહાલકરીની તથા ફોજદારની* કચેરીઓ, પોસ્ટ, ડિસ્પેન્સરી તથા અંગ્રેજી ગુજરાતી નિશાળો છે. વસ્તી ૭૨૭૬. મ્યુનિસિપાલિટી છે. ગુજરાત અને ઇડર તથા ડુંગરપુરના પહાડી પ્રદેશ વચ્ચે આવેલું હોવાથી વેપારનું મથક બન્યું છે. ઇમારતી કાટ અને બીજી જંગલી વસ્તુનો વેપાર ઠીક છે. અગાઊ વેપાર મંદ હતો, પણ અંગ્રેજી રાજ્ય થયા પછી વધ્યોછે. રંગવાનો, છાપવાનો તથા પિત્તળનો ઉદ્યોગ* ઠીક ચાલેછે. તલ અને ડોળીઊ પરદેશ જાયછે. મુંબઇથી વિલાતી કાપડ આવેછે. અમદાવાદથી કાપડ અને બીજો માલ અહીં થઇ માળવે જાયછે અને આવેછે.

(૧૦) વાઘપુર:—પ્રાંતીજ તાલુકામાં* ગામ. આશરે ૮૫ વર્ષપર મહેવાસીઓ જોડે લડતાં અંગ્રેજી પલટણના કેટલાક અમલદારો મરણ પામેલા, તેઓની કબરો અહીં છે.

(૧૧) હરસોલ:—પ્રાંતીજ તાલુકામાં ગામ. આગલ બખતમાં નામીચું હતું. તે વખતની એક મસીદ અને એક બુરજ છે. મેશ્વા નદીપર છે. અગાઊ અહીં લશ્કરી ટૂકડી રહેતી.

---

* સરકારી કચેરીઓ કઇ કઇ તે જ્યાં જ્યાં આવે ત્યાં શિક્ષકે શિખવી લેવું.

હરસોલા બ્રાહ્મણ હરસોલ* ગામ ઉપરથી કહેવાય છે. પાદશાહી વખતમાં એક તાલુકાનું એ મુખ્ય મથક હતું.

(૧૨) વિરમગામઃ—એ નામે તાલુકો અને તેનો મુખ્ય કસ્બો. અમદાવાદથી પશ્ચિમે ૪૦ માઇલ. રેલવે૦ મ્યુનિ૦ અને સરકારી કચેરીઓ છે. વસ્તી ૧૮૯૫૨ માણસની છે. કસ્બાને ફરતો પાંચ દરવાજાવાળો કોટ છે. કસ્બાની પશ્ચિમે માનસર અને દક્ષિણે ગંગાસર તળાવો છે, કોટ અહીંના દેશાઇએ ૧૭૫ વર્ષપર ૨$\frac{1}{2}$ માઇલના ઘેરાવાનો બંધાવ્યો છે. આસપાસના પ્રદેશમાં કપાસ પાકતો હોવાથી તે પીલવાનાં તથા કાપડ વણવાનાં કેટલાંક કારખાનાં થવા પામ્યાં છે. અનાજ અને રૂના વેપારનું મથક છે. પ્રથમ માંડલના રાજાના તાબામાં પછી અમદાવાદના પાદશાહોના હાથમાં ગયા પછી મોગલાઈ રાજ્યમાં જોડાયું હતું. ત્યાર પછી અહીંના દેશાઇઓના હાથમાંથી મરેઠા પાસે ગયું, અને તેમની પાસથી આશરે ૮૫ વર્ષથી અંગ્રેજી અમલ નીચે આવ્યું છે. ૧૮ મી સદીમાં અહીં કેટલીક લડાઇઓ થઈ હતી, જાડું કાપડ, રજાઈ, પંખા, તપખીર અને શુંદવડાં નામે મીઠાઇ અહીંની વખણાય છે. કેટલાક લખેસરી વેપારીઓ છે. અનાજ, રૂ, કાપડ અને અનાજની નિકાશ મુમ્બાઈ તરફ થાય છે. ગોળ, ખાંડ, ઇમારતી કાટ, વિલાતી કાપડ, નાળીઅર એ મુમ્બાઈ તરફથી આવેછે.

(૧૪) સિહોરઃ—વિરમગામ તાલુકામાં વિરમગામથી ઉત્તરમાં ગામ, અગાઊ એ મોટું શહેર હતું તેની કેટલીક નિશાનીઓ છે. કોટના પાયા ખુલ્લા દેખાય છે, અને તેમાંની ઈટો હાલની ઈટોથી બહુ મોટી છે. કોઈ કોઈ વાર હાથે પહેરવાની ચુડીઓ અને બીજાં ઘરેણાં જમીનમાંથી મળી આવેછે. આશરે

---

* એવું કહેવાય છે કે આ ગામ નજીક એક ઝરો છે. તેનું પાણી રાત્રે ઊનું અને દિવસે ટાઢું થાય છે તેનો સ્વાદ વિચિત્ર છે. તેનાથી કેટલાક રોગ મટેછે. અમદાવાદ ગેઝીટીયર સને ૧૮૭૯. પૃષ્ઠ ૩૪૫.

એ શહેર રેતીનાં તોફાનથી દટાઈ ગએલું લાગેછે, તું દહેરૂં ત્રણુસો વર્ષોપર બંધાએલું જણાય છે.

) **પાટડીઃ**—વિરમગામ તાલુકામાં અમદાવાદથી કસ્બો. વસ્તી* ૫૫૪૪ માણસની છે. કસ્બાને ફરતો કોટ - અને તેની વચ્ચે એક કિલ્લો છે, તેમાં દરબાર રહેછે. રેલવે થયા પછી વસ્તી અને વેપાર વધ્યો છે. કેટલાંક સારી બાંધણીનાં ઘરો અને દહેરાં છે. ધ્રાગન્દ્રા રાજ્યનું એ અસલ મુખ્ય મથક (=પાટ) હતું તેથી પાટડી કહેવાય છે. અગાઉ અહીં મીઠું પાકતું. દર વર્ષે રૂ ૧૨ હજાર બદલાના આપી અંગ્રેજ સરકારે મીઠાનો સઘળો હક પોતે લીધો છે. દરબારને મીઠાની પેદાશ સારી થતી હતી, તેથી " પાટડી સોનાની હાટડી " કહેવાતું. પત્થરની બાંધેલી એક વાવ જોવા લાયક છે. રેલવે સ્ટેશન છે.

(૧૬) ખારાઘોડાઃ—વિરમગામ તાલુકામાં વિરમગામથી પશ્ચિમમાં ગામ. અહીં વરાગડું મીઠું બનાવવામાં આવેછે. પ્રથમ નરો ખારપાટ હતો, પણ હાલ કેટલાંક ઝાડો ઉછર્યાંછે. રેલવે સ્ટેશન છે. પાણી તળાવમાંથી પીવામાં આવેછે. મીઠા ખાતાના કેટલાક અમલદારો અને નોકરો તથા હોસ્પિટલ છે.

(૧૭) માંડલઃ—વિરમગામ તાલુકામાં વિરમગામથી વાયવ્યમાં કસ્બો. મ્યુનિસિપાલિટી છે. મહંમદ તઘલખના વખતમાં અહીંનો રાણો સ્વતંત્ર હતો. પાછળથી અમદાવાદના પાદશાહના તાબામાં એ ગયું હતું. મરેઠાઓ પાસેથી ઈ. સ. ૧૮૧૭ માં અંગ્રેજોને મળ્યું. જુની મસિદો અને જૈન મંદિરો છે આજુબાજુએ કપાસ પાકતો હોવાથી તે પીલવાનાં કારખાનાં તથા ઘાંસડી બાંધવાના પ્રેસોછે. વસ્તીમાં જૈન અને મુસલમાન વિશેષ છે. રૂની નિકાશ અમદાવાદ, વિરમગામ અને મુમ્બઈ તરફ થાય છે. ડિસ્પેન્સરી છે વસ્તી ૫૦૮૧.

*** વસ્તીના આંકડા કેટલાક મોટા કસ્બાના આપ્યાછે, પણ અમુક કસ્બો કે શહેર પોતાના જાણીતા કસ્બાથી આટલા ગણો મોટો કે નાનો છે, એમ કહેવાથી પણ ચાલશે.**

(૧૮) ભોયણી :—વિરમગામ તાલુકામાં ગામથી ઈશાનમાં છે. જૈન લોકોનું મોટું અને સુન્દર છે. ૧૯ મા તીર્થંકર મલ્લીનાથજીની મૂર્ત્તિ છે. એ મૂર્ત્તિ ૩૦ વર્ષ પર અહીંની જમીનમાંથી જડી આવી હતી જૈનો અહીં આખું વર્ષ આવ્યા જાય છે. દેવસ્થાનની આ . . . ધર્મશાળાઓ સારી બાંધણીની છે.

(૧૯) ધોળકા :—અમદાવાદ જિલ્લામાં તાલુકો અને તેનો મુખ્ય કસ્બો મ્યુનિ૰ રેલવેસ્ટેશન તથા સરકારી કચેરીઓ અને ખ્રિસ્તિ મિશનખાતું છે. વસ્તી ૧૪૯૭૧ માણસની છે. અમદાવાદથી નૈર્ઋત્યમાં આવ્યું છે. એ કસ્બો લાંબો ૧॥ અને પોણો માઇલ પહોળો છે, એ ઘણો જુનો કસ્બો છે. અગાઉ એ મોટું શહેર હતું. મહાભારતમાં આવેલા *વૈરાટ અથવા મત્સ્યનગરની જગ્યાએ એ વસેલું કહેવાય છે. એ નગરમાં પાંડવો એક વર્ષ છુપા રહ્યા હતા. ૧૧ મા સૈકામાં મિનલદેવીએ અહીં મલાવ તલાવ બંધાવ્યું. ૧૨ મા સૈકામાં તે એક વેપારી શહેર હતું. ૧૩ મા સૈકામાં વાઘેલા વિરધવળના કબજામાં હોવાથી તેના નામ ઉપરથી ધવલધઢ કહેવાતું. મુસલમાની રાજ્યમાં અહીં ઘણાં મોટાં અને સુન્દર મકાનો હતાં. ૧૮ મા સૈકામાં મુસલમાનોના હાથમાંથી મરેઠાના હાથમાં અને પાછું મુસલમાનોના હાથમાં ગયું. તેમની પાસેથી ગાયકવાડને મળ્યું અને તેની કનેથી અંગ્રેજોને મળ્યું. સાડી, જાડું કાપડ, પિત્તળના ઘાટ, લોઢાના ઓજાર તથા માટી કામ બનેછે. જામફળ, દાડમ, શેરડી, સુંઠ અને ગોળ બહારગામ જાયછે. કેટલીક મસિદો અને હિન્દુ દેવાલયો જોવાલાયક છે. સો†એકો વર્ષપર મરકી અને દુકાળથી ધોળકાનો વેપાર પડી ભાગ્યો તે હજી સતેજ

---

* ધોળપુરની પશ્ચિમનો મુલક પણ વૈરાટ કહેવાતો. જયપુરની ઉત્તરે; ૪૦ માઈલપર બૈરત છે તે વૈરાટ નગર હશે. (આપ્ટે સંસ્કૃત કોષ.)

† એ વખતથી કહેવાય છે કે " ધોળકાની ધાણી, મલાવનું પાણી ધબ ધબ ધુએ, ને રોટલાને રૂએ.

થઈ શકયો નથી. અહીંનાં હવાપાણી જિલ્લાનાં બીજાં ગામોના પ્રમાણમાં સારાં નથી.

(૨૦) વણોઠાઃ—ધોળકા તાલુકામાં ધોળકાથી અગ્નિ ખુણામાં ગામ. અહીં સાત નદીઓ એકઠી થાય છે. કાર્ત્તિકી પૂનેમ-પર મોટો મેળો ભરાય છે. એ વખતે વેપાર પણ ઠીક ચાલેછે.

(૨૧) સરગવાલાઃ—ધોળકા તાલુકામાં દક્ષિણમાં ગામ-એવું કહેવાય છે કે, અગાઉના વખતમાં એ બન્દર હતું. ગામ નજીકનો ઊંચો ટેકરો અને કાણાંવાળા ગોળ પથરા જે લંગ-રને ઠામે વપરાતા તે આ વાતને ટેકો આપતા હાલ દેખાય છે.

(૨૨) બાવળાઃ—ધોળકા તાલુકામાં ધોળકેથી વાયવ્યમાં ગામ, દાણા તથા બીજા માલના વેપારનું પીઠું છે. રેલવે સ્ટેશન તથા કપાસ પીલવાનું જીન છે.

(૨૩) ધંધુકાઃ—અમદાવાદ જિલ્લામાં તાલુકો અને તેનો મુખ્ય કસ્બો. મ્યુ૦ અને સરકારી કચેરીઓ છે. વસ્તી ૧૦૩૧૪ માણસની છે. ભાદર નદીના જમણા કાંઠા પર અમદાવાદથી નૈર્ઋત્યે છે. કસ્બા નજીક કેટલાંક ઝાડો છે, બાકી મુલક ઝાડપાનરહિત છે. આસપાસ કપાસ પાકતો હોવાથી તે લોઢવાનાં કારખાનાં છે. કેટલાક ધનવાન વેપારીઓ છે. પીવાનું પાણી પૂરતું છે, પણ આસપાસના ગામોમાં તેની તાણ છે. સિંધમાંથી આવેલા કોળી સોનંગમેઢના દીકરા ધનમેઢે એ ગામ બસાવેલું તેથી તેના નામપરથી ધંધુકા કહેવાય છે*. જૈનોના મુનિ મહારાજ હેમચન્દ્રનો જન્મ ૧૨ મી સદીમાં અહીં થયો હતો. વેપાર સાધારણ છે. વીસા મોઢ વાણિયા, વહોરા અને વાલમ બ્રાહ્મણની વસ્તી વિશેષ છે.

(૨૪) રાણપુરઃ—ધંધુકા તાલુકામાં ધંધુકાથી પશ્ચિમમાં કસ્બો-મ્યુ૦ અને રેલવે સ્ટેશન છે. વસ્તી ૫૪૨૩ માણસની છે. ભાદર

*** શોલંકી રજપૂત ધંધિક જે ચાવડા છેલ્લા રાજાની દીકરી પરણેલો તેના નામપરથી પણ ધંધુકા નામ પડયાનું કહેવાયછે. (અમદાવાદ ગેઝીટીયર પૃષ્ઠ ૩૩૪).**

નદીને ઉત્તર કાંઠે તેના ને ગોમાના સંગમપર છે. કેટલાંક ઊંચાં અને સારી બાંધણીનાં મકાનો હોવાથી રાણપુરનો દેખાવ રળિયામણો લાગેછે. કપાસ પાકે એવા પ્રદેશની વચમાં આવેલું હોવાથી તે પીલવાનાં કારખાનાં છે. રેલવે થયા પછી રાણપુરનો વેપાર પણ ઠીક સુધર્યો છે. મુસાફર બંગલા પાસે રાણપુરનો જૂનો કિલ્લો છે. રાણાજી ગોહેલ જે પીરમવાળા મોખડાજીનો બાપ થાય તેણે ૭સો વર્ષપર વસાવેલું તેથી રાણપુર કહેવાય છે. પાછળથી બીજો રાણાજી થયો તેને મહંમદ બેગડાએ હરાવ્યો અને માર્યો, થોડેક વર્ષે એ રાણાજીના ભત્રિજા લકધીરજીએ મુસલમાની ધર્મ કબુલ કરવાથી બેઘડાએ તેને રાણપુર પાછું આપ્યું. એથી રાણપુરના હાલના મોલેસલામ ગરાસિયાના મૂળ પુરૂષ લકધીરજી થયા. આશરે ૨૭૫ વર્ષપર રાણપુરનો કિલ્લો આઝમખાને કાઠી લૂટારાઓને સહેમાં રાખવાને બંધાવ્યો હતો. મુસલમાની અમલની પડતીમાં વઢવાણના રાજાએ રાણપુરપર ચઢાઈ કીધી હતી, પણ દામાજી ગાયકવાડની મદદથી રાણપુર બચ્યું, પણ એ રક્ષણના બદલામાં ગાયકવાડને કિલ્લો અને રાણપુર આપી દેવું પડયું. ગાયકવાડ પાસેથી સોએક વર્ષથી એ અંગ્રેજોને મળ્યું, તોપણ ગરાસિયાને કેટલાંક ગામોમાંથી અમુક ભાગ અને ૯ આખાં ગામોની જાગીર છે.

(૨૫) ધોલેરા:—ધંધુકા તાલુકામાં બંદર. ભાદર નદી પુરાઈ જવાથી ૭૫ વર્ષથી એ ખંભાતના અખાતથી ૭ માઇલ દૂર પડ્યું છે, તેથી ખૂણ અને બાવળીઆળી બંદર થવા પામ્યાં હતાં. ચોમાસામાં ઘૂંટણપુર કાદવમાં અને સુકી મોસમમાં ધૂળથી પથરાએલા સપાટ ખારા મેદાનમાં ધોલેરા ઘુમટો અને ઊંચાં મકાનોથી શોભિતું દેખાય છે. સરકારકુન તથા ફોજદારની કચેરીઓ, ડિસ્પેન્સરી, તાર અને પોસ્ટ ઑફિસો તથા અંગ્રેજી ગુજરાતી નિશાળો છે. ધર્મકુંડનું તળાવ, સ્વામી નારાયણનું મંદિર તથા જૈન મંદિર જોવા લાયક છે. ધોલેરાનું લક્કડ કામ વખણાય છે. દિનપર દિન ધોલેરાનો વેપાર પડતીમાં

આવતો જાયછે. કપાસ પીલવાનાં કેટલાંક કારખાનાં છે. કેટલાક ખોજા વેપારીઓ સારા ધનવાન છે. સોએક વર્ષપર અમદાવાદ જિલ્લાનો જે ભાગ અંગ્રેજોના હાથમાં સૌથી પહેલો આવ્યો તે ધોલેરા કે રાહાતળાવ છે. મુખ્ય નિકાશમાં રૂ અને અનાજ છે. આવક વેપાર કાપડ, અનાજ, ખાંડ, મસાલો, લકકડ, નાળીઅર, લોઢાનો માલ, ખજુર, અને સુકો મેવો છે. અહીંથી એ માલ ઉત્તર ગુજરાત, રજપૂતાના, કાઠિયાવાડ અને મારવાડ તરફ જતો, પણ હાલ રેલવે થવાથી જુજ જાયછે. વસ્તીમાં ચુડાસમા ગરાસિયા, જૈન, ખોજા, સુતાર વગેરે છે. અહીંના ગરાસિયાને થોડી થોડી જાગીર પણ છે. બંદરનો *વેપાર આજથી ૪૫ વર્ષ પર ૩૦ ૫ કરોડનો હતો. મીઠા પાણીની તંગી છે. વસ્તી ૭૩૫૬ માણસની છે.

(૨૬) **ભડીઆદ:**—ધોલેરાથી વાયવ્યમાં ગામ. મીઠા પાણીની તંગી છે. ભડીઆદા પીર નામે મુસલમાનોનું નામીચું દેવસ્થાન છે. તેનો વાર્ષિક મેળો ભરાય છે. એવું કેહેવાય છે કે નજીકના †ચોકડી ગામનો હિંદુ રાજા દરરોજ એક મુસલમાન મારે તોજ જમતો. તેથી પંજાબમાં આવેલા ઉચ્છમાં રહેતા બુખારી સૈયદ મહંમદશાહ તેને સજા કરવા આશરે ૬૨૫ વર્ષપર આવ્યો. તેને હરાવી માર્યો, પણ તેમ કરવામાં તેનો પણ કાળ થયો. તેમને ભડીઆદમાં દાટયા, ને તેમની કબરપર ખંભાતના નવાબે ‡રોઝો બંધાવ્યો છે

---

* તે વખતથી કહેવત ચાલેછે કે:—ધૂળગામ ધોલેરાને બન્દર ગામ બહારાં, કાઠા ઘઉંની રોટલીને પાણી પીવાનાં ખારાં, તોએ ધોલેરા સારાં.

† નઠારા માણસની ટોળી ને ચંડાળ ચોકડી કહેવામાં આવે છે તે આ ચોકડી ઉપરથી હોય?

‡ આ રોઝામાં સવા મણ લોઢાની સાંકળ લટકતી હતી, તે તહોમતદારને ગળે લપેટવામાં આવતી હતી ને પછી તેને ૭ ડગલાં ચલાવતા, એ સાતમે ડગલે સાંકળ તુટી જતી તો તે નિર્દોષ ગણાતો અને તેમ નહીં થતું તો ગુન્હેગાર ગણાતો. (અમદાવાદ ગેઝીટીયર સને ૧૮૭૯. પૃષ્ઠ ૩૩૩)

(૨૭) ભીમનાથ:—ધંધુકા તાલુકામાં ધંધુકેથી ૧૦ માઇલિ નૈર્ઋત્યમાં નીલકા નદી ઉપર ગામ. તેને ફરતો કોટ છે. ભીમનાથ મહાદેવને લીધે એ જાત્રાનું ઠેકાણું બન્યું છે. દ્વારકા જઇ આવેલા જાત્રાળુઓ અહીં અવશ્ય આવે છે. શ્રાવણની પૂનેમ અને અમાસપર અહીં મેળા ભરાય છે. મહાદેવને કેટલાક રાજાઓ તરફથી ગામો મળ્યાં છે, તેથી અહીંના મહન્ત એક તાલુકદાર બન્યા છે. મહાદેવનું દહેરૂં મહન્તનો બંગલો અને આસપાસનાં કેટલાક મકાનો છોબંધી બાંધણીનાં છે.

(૨૮) બરવાળા:—(બરવાળા ઘેલાશા) ધંધુકા તાલુકામાં ધંધુકાથી નૈર્ઋત્યે કસ્બો. એને ફરતો કોટ લીંબડીના કોઈ કારભારીએ બંધાવેલો કહેવાય છે. એની ઉત્તરમાં ફળવંત ધરતી છે, પણ દક્ષિણમાં વેરાન મુલક છે. મુસાફર બંગલો, સ્કૂલ અને પોસ્ટ તથા પોલિસ છે.

(૨૯) ઘોઘા:—અમદાવાદ જિલ્લામાં તાલુકો અને તેનો મુખ્ય કસ્બો. વસ્તી ૪૭૯૮ માણસની છે. સરકારી કચેરીઓ, અંગ્રેજી ગુજરાતી નિશાળો તથા ખ્રિસ્તિ મિશનખાતું અને તેમની નિશાળો છે. 'ઘોઘા એ અમદાવાદનું બંદર વહાણો નાંગરવાને આખું વર્ષ અનુકૂળ છે. મોટાં મકાન અને ઝાડીથી ઘોઘાનો દેખાવ સુન્દર લાગેછે. તે ૦॥।×૦॥ માઇલિ વિસ્તારનું છે. એ દરવાજાવાળો ૩ માઇલિના ઘેરાવાનો કોટ છે. અહીંની હવા ઠંડી હોવાથી આખા જિલ્લાનું હવા ખાવાનું ઠેકાણું એ છે. વલ્લભીપુરના રાજ્યની હદમાં ઘોઘા હતું. શોલંકી વંશના રાજાઓના વખતમાં ઘોઘા નામીચું બન્દર હતું, અને અહીંના ખારવા ત્યારથીજ પોતાના ધંધામાં વખણાતા આવ્યા છે. તેઓ હિન્દુ અને મુસલમાન પણ છે. મોખડાજી* ગોહેલ પાસેથી મુસલમાનો એ ૬૨૫ વર્ષપર ઘોઘા અને પીરમ જીતી લીધાં, પણ મોખડા-

---

* આ મોખડાજીએ મહંમદ તઘલખ જોડે લડવામાં ઘણી બહાદુરી બતાવી હતી, તેની યાદગીરી રાખવા ખાતર સુરત વગેરે કેટલાંક શહેરોમાં છોકરાઓ ઘોઘા રાણાની મૂર્ત્તિ બનાવી રમત રમે છે.

. પાછાં દીધાં. એ વખતે ઘોઘા મોટું શહેર હોઇ
ર બહોળો હતો. રજપૂતો પાસેથી એ અમદાવાદી
હા પાસે ગયું. ૧૬ મી સદી પછી ફીરંગીઓએ ઘોઘાને
લૂટયું હતું. ૧૭ મી સદીમાં અંગ્રેજો અહીં વેપાર કરવા
હતા. ૧૮ મી સદીમાં મરાઠા અને ખંભાતના નવાબના
હાથમાં આવી ૧૯ મીની શરૂઆતમાં એ અંગ્રેજોના હાથમાં આવ્યું. ૫૦ વર્ષપર ઘોઘાનો વેપાર સારો હતો, ત્યારપછી ખંભાતનો અખાત પૂરાતો જવાથી તે પડી ભાગતો જાયછે. રેલવે થવાથી તથા નજીકમાં આવેલું ભાવનગર પણ વેપારમાં ખીલતું જવાથી એનો વેપાર પડતીમાં આવ્યો છે. અગાઉ લાખો ને કરોડો રૂપીઆનો વેપાર તે આજે હજારોપર આવી ગયો છે. કેટલીક જુની વાવો જોવા લાયક છે. નાગરની વસ્તી અહીં સારી હતી તે હવે ભાવનગર ચાલ્યા ગયા છે.

લોકઃ—હિંદુ અને મુસલમાનની વસ્તી વિશેષ છે. એ સિવાય જૈન, પારસી, દેશી ખ્રિસ્તિ, યાહુદી વગેરે જાતના લોકો છે. હિંદુઓ ઘણા ખરા ખેતી અને વેપાર કરેછે. કોઇ કોઇ સરકારી અને ખાનગી નોકરીમાં પણ છે. તેઓમાંના ઘણા ખરા ઘહુંવર્ણા રંગના અને સાધારણ બાંધાના છે. સાદો પોશાક પહેરી કરકસરથી રહેનારા છે.

મુસલમાનો:—મજબૂત બાંધાના અને ઘહુંવર્ણા રંગના છે. કેટલાક ખેતીમાં, કેટલાક વેપારમાં અને ઘણા હલકી નોકરીમાં છે. કોઇ કોઇ સારી સરકારી નોકરીમાં પણ છે. કારીગીરી તરફ એઓનું વલણ ઠીક છે. કરકસરથી રહેવામાં તથા કેલવણીમાં પાછળ છે. પણ હાલ કેટલાક ઠીક ભણવા લાગ્યાછે.

જૈનો:—સાધારણ બાંધાના હોઇ વેપારમાં કાબેલ છે. તેઓ કેશરનો ચાંલ્લો કરેછે. સાધુઓને બહુ માન આપેછે. અનેક વ્રતો કરી દેહદમન ઘણું કરેછે. દેવસ્થાનમાં પુષ્કળ પૈસા ખરચે છે. જીવદયા વધારે રાખેછે.

પારસીઓ:—સાધારણ રીતે ગોર વર્ણના અને મજબુત બાંધાના છે. માથું અને પગ ઉઘાડા રાખતા નથી. તેઓ

ચાલાક, બુદ્ધિશાળી, સાહસિક, સંપીલા, ઉદાર, મીઠાબોલા અને કૃતઘ્ન છે. પુરૂષો અને સ્ત્રીઓ ઇજાર અને તે ઉપર કસ્તી પહેરેછે. ઘણા ખરા વેપાર અને સરકારી નોકરીમાં આગળ પડતો ભાગ લેછે.

ધર્મઃ—હિન્દુઓમાં શૈવ અને વૈષ્ણવ એ બે પંથ મુખ્ય છે. એ સિવાય બીજા નાના પંથો અનેક છે. મૂર્ત્તિપૂજક હોઈ દેવો અને ગુરૂઓને બહુ માન આપેછે. મુસલમાનોમાં શીહા અને સુન્ની એવા બે પંથ છે. મૂર્ત્તિપૂજક નથી, પણ દરગાહોને ચાદર ફુલ, દીવો વગેરે ચઢાવે છે. બંદગી કરતાં પશ્ચિમ તરફ નમેછે. જૈનો ૨૪ તીર્થંકરોને પૂજેછે. જગતનો કર્ત્તા નથી એમ તેઓ માનેછે. પારસીઓ જરતોસ્ત ધર્મને માનેછે, આતસ, પાણી, સુરજ, ચન્દ્ર, તારાને પૂજે છે. હિન્દુ ધર્મના કેટલાક રિવાજ એઓ માનેછે. ખ્રિસ્તિઃ—દેશી ખ્રિસ્તિઓની સંખ્યા થોડી છે. ઘણુ ભાગે તેઓ હિન્દુઓમાંથી ખ્રિસ્તિ થયાછે. તેઓમાંના કેટલાક ખેતી કરે છે. કેટલાક ચોપડી વેચવાનું. છાપવાનું અને બાંધવાનું કામ કરછે. કેટલાક નિશાળો ના શિક્ષકો પણ છે. ગુજરાતમાં ઘણે ભાગે આઇરિશ પ્રેસ્બિટેરિયન મિશન ખાતું છે.

કેળવણીઃ—આખા જિલ્લામાં એક આર્ટ્સ કોલેજ તથા પુરૂષ અને સ્ત્રીશિક્ષકો તૈયાર કરનારી એકેકી ટ્રેનિંગ કોલેજ છે. બધું મળી આખા જિલ્લામાં ૬ અંગ્રેજી હાઇસ્કૂલો અને ૧૩ અંગ્રેજી ગુજરાતી નિશાળો છે. છોકરાઓ માટે ગુજરાતી નિશાળો ૨૪૮ અને છોડીઓની ૫૩ નિશાળો છે. આ બધી નિશાળો અને કોલેજો મળી આશરે ૨૮ હજાર વિદ્યાર્થીઓ ભણેછે. આખા જિલ્લામાં ૨૩ લાયબ્રેરીઓ છે. ૬ વર્તમાનપત્રો અને ૭ માસિક ચોપાનીઆં પ્રગટ થાય છે.

ભાષાઃ—જિલ્લામાં ગુજરાતી ભાષા બોલાયછે, પણ અમદાવાદ તરફ જેવી બોલાય છે, તેના કરતાં પ્રાંતીજ અને ધંધુકા તથા ઘોઘા તરફ સહેજ ફેર* પડતી ગુજરાતી બોલાયછે. મુસલમાનો

* બારે ગાઉએ બોલી બદલે, તરૂવર બદલે શાખા; જાતે દિવસે કેશ બદલે, પણ લક્ષણ ન બદલે લાખા.